# પ્રકરણ ૫

## સાહિત્યિક જીવન
## અને
## તેમનાં પ્રેરક બળો.

## પ્રકરણ - ૫

### "સાગર" નું સાહિત્યિક જીવન અને તેમનાં પ્રેરક બળો

"સાગર" ના સાહિત્યિક જીવનઘડતરમાં વિશિષ્ટ પ્રદાન અર્પનાર વિશિષ્ટ વ્યકિતઓ સાથેનો "સાગર" નો ગાઢ સંબંધ અને "સાગર" ના સાહિત્યિક તેમજ આધ્યાત્મિક જીવનના પ્રેરક બળો સમજ્યા વિના કદાચ "સાગર" ની જીવનરેખાનું સ્પષ્ટ ચિત્ર દૃષ્ટિ સમક્ષ ખડું થઇ શકે નહીં એટલે આ પ્રકરણમાં "સાગર" નું સાહિત્યિક જીવન અને તેમનાં પ્રેરક બળોનું આછું રેખાચિત્ર રજૂ કરવાનો આશય છે.

શિશુવયમાં "અરેબિયન નાઇટસ" ની વાર્તાઓ રસપૂર્વક વાંચનાર "સાગર" માધ્યમિક કેળવણી દરમિયાન રોમિયો, જુલિયેટ, કેથેરાઇન ધી શ્રુ, અને પેટ્રુશિયો તથા ઇલિયડના એકેલિસ તથા એપોલોના વાંચન વ્દારા સાહિત્ય પ્રત્યેનો પોતાનો રસ સતત એકનિષ્ઠાપૂર્વક જાળવી રાખે છે. તેનો યશ ધોળકાની હાઇસ્કૂલના એમના તે સમયના શિક્ષક શ્રી. ગિરિધરલાલ બાપાલાલ લાખિયાને ફાળે જાય છે એ આપણે જોઇ ગયા છીએ. "સાગર" ના હૃદયમાં સાહિત્ય સંસ્કારો રેડવાનું મૂળભૂત કાર્ય એમણે કર્યું હતું.

અંગ્રેજી છઠ્ઠા ધોરણના પ્રારંભમાં જ અમદાવાદની ગવર્નમેન્ટ હાઇસ્કૂલમાં "સાગર" ના અભ્યાસકાલ દરમિયાન સાહિત્યના અભ્યાસ અને વાચન વ્દારા તેમના વર્ગશિક્ષક શ્રી. ચચરતલાલ સૈયદે એમના હૃદયમાં પ્રગટેલા સાહિત્ય સંસ્કારોનું સિંચન આવરતપણે ચાલુ રાખ્યું.

"સાગર"ના સાહિત્યિક જીવનના ઘડતરમાં મણિલાલ ગોવર્ધનરામ, જટિલતથા "કલાપી" ના કાવ્યો- સાહિત્યના અભ્યાસનો ફાળો કિંમતી ગણવો જોઇએ.

મણિલાલનું ગુલાબાસિંહ તેમજ ગધલેખો અને ગોવર્ધનરામ ત્રિપાઠીના સરસ્વતીચન્દ્ર અને સ્નેહમુદ્રાનો અભ્યાસ "સાગર" એકચિત્તે પોતાના શિક્ષણની પણ દરકાર કર્યા વગર કરે છે. "જટિલ" નું પ્રાણપદબંધ તથા કલાપીનાં કાવ્યોનો પણ તે રસાસ્વાદ માણે છે. ઇ.સ. ૧૮૯૮ના વર્ષમાં જ "દાઝયા ઉપર ડામ" ની પાદપૂર્તિ હરીફાઇના પ્રથમ ઇનામના વિજેતા "સાગર"ને કવિ દલપતરામના પ્રમુખપદે યોજાયેલા ઇનામ સમારંભ દ્વારા કવિ દલપતરામ સાથે પ્રત્યક્ષ પારચય થયો હતો. એમના સાહિત્યિક જીવનમાં ઘડતરમાં ફાળો આપનાર ગુજરાતના સાક્ષરોમાં દલપતરામ સાથેની આ મુલાકાત સર્વપ્રથમ ગણવી જોઇએ. "સાગર" ની પ્રારંભકાળની કવિતા ઉપર દલપતરામની શૈલીની પ્રબળ અસર સ્પષ્ટ વર્તાય છે. દલપતરામ સાથેની આ પ્રત્યક્ષ મુલાકાતનું બીજું પરિણામ તે કવિ નાનાલાલ સાથેનો "સાગર" નો સંબંધ.

<u>સાહિત્યકારો સાથેનો "સાગર" નો સંબંધ:</u>

"સાગર" ના સાહિત્યિક જીવન ઉપર કવિ નાનાલાલ સાથેના સમાગમ દ્વારા એમની ડોલન શૈલીની તથા આત્મલગ્નની ભાવનાની પ્રબળ છાપ પડી હતી "થાકેલું હૃદય" કથાકાવ્યના ઉપોદઘાત ઉપરથી પણ સ્પષ્ટ વર્તાય છે. મહાત્મા "કલાપી" ના સ્નેહયોગી હૃદયને એમણે કરેલું આ ગ્રન્થનું અર્પણ ડોલનશૈલીમાં છે. "સાગરે" ડોલન શૈલીમાં પણ પદ્યો લખ્યાં છે.

કવિ નાનાલાલની પડેલી અસર                    કાવ્ય વસ્તુ પરત્વે તેમજ આત્મલગ્નના
~~બાહ્ય સ્વરૂપ પરત્વે તેમ~~ "થાકેલું હૃદય" ના ~~વસ્તુ પરત્વે પણ લગ્નના~~
વસ્તુ પરત્વે પણ
આદર્શના નિરૂપણમાં સ્પષ્ટ વર્તાય છે.

જયા જયંત અને ઇન્દુકુમારમાં રજૂ થયેલી આત્મલગ્નની ભાવનાનો થોડે ઘણે અંશે "સાગરે" પણ સ્વીકાર કર્યો છે. કવિ નાનાલાલની સ્નેહમીમાંસાનુ દર્શન આપણને "સાગર" ના "થાકેલું હૃદય" માં પણ થોડે ઘણે અંશે થાય છે.

કવિ નાનાલાલ "સાગર" ને રાજકોટમાં પોતાના મહેમાન બનવાનુ નિમન્ત્રણ આપે છે, અને એ મિમન્ત્રણનો પણ "સાગર" સ્વીકાર કરે છે. "સાગર" પોતાના નાનાભાઇ "કુંજ" ના કાવ્યસંગ્રહ હૃદયકુંજનો ઉપોદઘાત પણ નાનાલાલને વાંચવા માટે મોકલે છે જે ઉપરથી નાનાલાલની સાથે કેટલીક સાહિત્યિક ચર્ચાનો પણ પ્રારંભ થાય છે.

ઇ.સ. ૧૯૧૬ માં "ગુજરાતી ગઝલીસ્તાન"ના "સાગર" ના સંપાદન સમયે પણ કવિ નાનાલાલે કેટલાંક સલાહસૂચનો મોકલ્યાં. આમ, પ્રસંગોપાત "સાગર" કવિ નાનાલાલની સાથે પત્રવ્યવહાર ચલાવે છે અને બન્ને એકબીજાના વિચારોની સાહિત્ય ચર્ચા દ્વારા પરસ્પર આપલે કરે છે.

સ્પષ્ટવકતા "સાગર" ની સાથે નાનાલાલને એક મન:દુ:ખનો પ્રસંગ જયા જયંતના પ્રકાશન સમયે ઉપસ્થિત થાય છે. જયા જયંતમાં વામમાર્ગીઓને મુખે "ચન્દ્રમા" :દીવાને સાગર પૃ. ૪૨-૪૩: નું સુન્દર વર્ણન કરતું એક કાવ્ય "સાગર" ના કથાકાવ્ય "થાકેલું હૃદય" માંથી નાનાલાલ અપહૃત કરે છે. "સાગર" ને આ વાતની ખબર પડતા જયા જયંતની પ્રસિધ્ધિ પૂર્વે એ કાવ્ય વામમાર્ગીઓ પાસેથી પાછું લઇને તેને બદલે કવિ નાનાલાલ પોતે જ નવું કાવ્ય રચીને મૂકે એવી કડક સૂચના "સાગર" કવિ નાનાલાલને આપે છે. પરિણામે એ કાવ્ય નાનાલાલ જયા જયંતમાંથી કાઢી નાંખે છે. આ પ્રસંગ પછી કવિ નાનાલાલ સાથેનો "સાગર" નો સંબંધ કૈંક અંશે વિકૃતિ પામ્યો હોય તો પણ તેમની સાથે"સાગર" નો સંબંધ એવો જ અખંડિત રહેલો. શ્રી. ક.મા.મુન્શી સાથેની એક મુલાકાતમાં કવિ નાનાલાલે "સાગર" ની ગઝલો વિષે પોતાનો અભિપ્રાય દર્શાવેલો જે શ્રી. મુન્શીએ "સીધાં ચઢાણ"માં

આ પ્રમાણે નોંધ્યો છે:

"૧૯૨૦ માં નાનાલાલ થોડા મહિના માટે મુંબઇ આવ્યા હતા તે શાન્તાક્રૂઝમાં મિત્રોને ત્યાં રહેતા હતા. ત્યારે હું એમને મળવા જતો. એમની કૃતિઓ બહાર પડી ત્યારપછી ગુજરાતી સાહિત્યમાં બે મોટા બનાવ બન્યાં. એક તો "સાગર" ની ગઝલોનો ને બીજો મારી નવલકથાઓનો એમ મહેરબાનીની રાહે કવિ સ્વીકારતા-"[1]

પ્રાર્થના સમાજની શાળાના માનદ શિક્ષક તરીકેનું કાર્ય "સાગર" ના પિતાશ્રી. દામોદરદાસ માસ્તરને શ્રી.મહીપતરામ નીલકંઠ દ્વારા સોંપાયેલું. એમની સાથેના શ્રી. દામોદરદાસના પ્રેમભર્યા સંબંધને પરિણામે શ્રી. રમણભાઇ નીલકંઠ સાથે "સાગર" નો સંબંધ પણ યુવાવસ્થામાં જ શરૂ થયેલો.

"સાગર" ના સાહિત્ય જીવનના પ્રારંભકાલથી જ શ્રી. રમણભાઇ નીલકંઠ "મકરન્દ" નો સલાહ સૂચનો ને માર્ગદર્શન ઉપયોગી નીવડયાં હતાં. "સાગરે" પોતાની અંગત ડાયરીમાં ઇ.સ. ૧૯૦૫ ના પ્રારંભમાં જ આ પ્રમાણે નોંધ્યું છે:

Should I allow कलापी to be my गुरु?
and मकरन्द to be my teacher?

શ્રી. રમણભાઇએ એક મુલાકાત દરમિયાન "સાગર" ની સર્વપ્રથમ કૃતિ કાવ્યચિત્ર "થાકેલું હૃદય" જ્ઞાનસુધામાં પ્રગટ કરવા માટે મોકલવા સૂચના આપેલી. આ સૂચનાનો સાગરે સહર્ષ સ્વીકાર કરેલો પરિણામે "થાકેલું હૃદય" જ્ઞાનસુધામાં સર્વપ્રથમ પ્રગટ થયું હતું.

...........

[1]"સીધાં ચઢાણ" પૃ. ૨૮૮ :બીજી આવૃત્તિ- ૪૭:

શ્રી. રમણભાઇ નીલકંઠ સાથેના સંબંધનો વિકાસ થતાં "જ્ઞાનસુધા" ના એક અગ્રણી લેખક તરીકે "સાગર" નું સ્થાન નિશ્ચિત બનેલું જોઇ શકાય છે. પ્રતિદિન "સાગર" નો પરિચય એમની સાથે ગાઢ બનતાં "સાગર" નાં કાવ્યોને લેખો અવારનવાર પ્રગટ થતાં રહ્યાં એટલું જ નહીં પણ શ્રી. રમણભાઇની પ્રવૃત્તિઓ વધી જતાં લગભગ બે વર્ષ માટે પોતાના વતી "જ્ઞાનસુધા"નું સંપાદન કરવા માટે શ્રી. રમણભાઇએ "સાગર"ને કરેલી વિનંતી "સાગર" નકારી શકયા નહીં. પરિણામે ઇ.સ. ૧૯૦૮ થી ૧૦ બે વર્ષ "સાગરે" જ્ઞાનસુધાનું સંપાદન કર્યું છે.[૨] એની પ્રતીતિ આ વર્ષોના અંકોનું વસ્તુ જોતાં પણ થાય છે.

૨૮ મી જુલાઇ ૧૯૦૭ ના દિને "સાગરે" લખેલા "શાન્તપ્રેમ" ના વિવેચનનો અભિપ્રાય આપતાં શ્રી. રમણભાઇ લખે છે: "વિવેચન સારીરીતે લખાયેલું છે. કાવ્યોનો અભ્યાસ એવી વિવેચક બુધ્ધિથી થવાથી જરૂર છે અને તમે એ કાર્ય ચાલુ રાખશો એવી આશા છે: "અંજની ગીત" પણ જ્ઞાનસુધામાં દાખલ કરીશ" "કાન્ત" ની સૂચનાથી લખાયેલ "કલાપી અને તેની કવિતા" નો વિવેચન લેખ પણ "સાગર" પાસેથી જ્ઞાનસુધા માટે ખાસ પ્રાપ્ત કરી શ્રી. રમણભાઇએ તે પ્રગટ કરેલો. "કલાપી અને તેની કવિતા" નામક ૬૦ પૃષ્ઠનો "સાગર" નો વિવેચન લેખ તેમજ લગભગ ૧૦૦ પૃષ્ઠનું "થાકેલું હૃદય" નામક કથાકાવ્ય ઉપરાંત "સાગર" ની ગઝલો, કાવ્યો, સંવાદો અને લેખો અને સાહિત્ય ચર્ચાઓ દ્વારા સાહિત્યક્ષેત્રમાં "જ્ઞાનસુધા" ના નોંધપાત્ર અગ્રગણ્ય લેખક તરીકે "સાગરે" પ્રાપ્ત કરેલી લોકપ્રિયતા શ્રી. રમણભાઇ સાથેના "સાગર" ના ઘરવટ જેવા સંબંધને આભારી છે.

"થાકેલું હૃદય" ની દ્વિતીય આવૃત્તિ પ્રસંગે શ્રી. રમણભાઇએ જ્ઞાન સુધામાં પ્રગટ કરેલું "થાકેલું હૃદય" નું અવલોકન "સાગરે" સાભાર પ્રગટ કરેલું.

...........

[૨] જુઓ ગુ.વ.સો.માં "સાગર" ની જીવનરેખા.

શ્રી. રમણભાઇ નીલકંઠ ના જ્ઞાનસુધા દ્વારા જ વિશેષ તઃ "સાગરે" સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ મેળવેલો એમ કહીએ તો એમાં સહેજ પણ અતિશયોકિત નથી.

જ્ઞાનસુધા પત્રના વિકાસમાં તેના બે વર્ષ માટેના સંપાદક તરીકે "સાગરે" મિત્રભાવે શ્રી. રમણભાઇ વતી કાર્ય કરી મહત્વનો ફાળો આપેલો તેની નોંધ ગુજરાત વર્નાકિયુલર સોસાયટીએ પ્રગટ કરેલી "સાગર" ની જીવનનોંધમાં છે. ડો. બિપીન ઝવેરીએ જ્ઞાનસુધાના પત્રના ઇતિહાસમાં અથવા તેમના મહાનિબંધમાં શ્રી. રમણભાઇના આ અનન્ય મિત્રનો નામનિર્દેશ પણ કર્યો નથી એ આશ્ચર્ય પ્રગટાવે છે.

"સાગર" ના ભાઇ કુંજ અને તેમના મિત્ર મસ્તાનની ગઝલો - કાવ્યો "જ્ઞાનસુધા" માં સવિશેષ પ્રગટ થયેલાં તેનો યશ પણ "સાગર" ના શ્રી. રમણભાઇ સાથેના આ સંબંધને પરિણામે જ.

શ્રી. રમણભાઇની "સર્વસ્વ" નામની એક ગઝલ ખાસ આગ્રહપૂર્વક "સાગરે" "ગુજરાતી ગઝલિસ્તાન" ના સંપાદન સમયે પ્રાપ્ત કરીને પ્રગટ કરેલી. ગુજરાતી ગઝલના સાહિત્યમાં "મકરન્દ" ની આ એક માત્ર ગઝલ દ્વારા કદાચ શ્રી. રમણભાઇને સ્થાન આપવું પડે. આ ગઝલની બે પંકિતઓ નીચે પ્રમાણે છે:

એના વિના માનું બધું હું ખાકસાર જહાનમાં.
નરગિસ સરીખાં નેન ને ઝુલફાં છૂટાં દિલદારનાં.[3]

આ ગઝલની માર્ગદર્શક ટીકામાં સાગરે જણાવ્યું છે કે: એ ગઝલમાં "ગઝલ" છે અને સને ૧૮૮૯ માં એ લખાયેલી છે.[4]

...........

[3]ગુજરાતી ગઝલિસ્તાન પૃ. ૧૦૯

[4]માર્ગદર્શક ટીકા પૃ. ૨૮૧

જ્ઞાનસુધાની માફક "વસંત" માં પણ સાગરનાં કાવ્યો ધીમે ધીમે પ્રગટ થતાં ગયાં. એને પરિણામે "વસંત" ના વિદ્દાન તંત્રી પ્રો. આનંદશંકર ધ્રુવ સાથે પણ "સાગર" નો પરોક્ષ પરિચય હતો. એમની સાથેનો પ્રત્યક્ષ પરિચય તો ઇ.સ. ૧૯૧૫ પછીનો.

ઇ.સ. ૧૯૧૬ માં "દીવાને સાગર" દફતર-૧ ના "સાગર" ના કાવ્યગ્રંથની પ્રસિધ્ધિ પૂર્વે નારદભકિત સૂત્રનો અનુવાદ તપસી જવા માટેની વિનંતી "સાગરે" આ વિષયના એક માત્ર અધિકારી તરીકે પ્રો. આનંદશંકર ધ્રુવને જ કરેલી. "ગુજરાતી ગઝલીસ્તાન" ના સંપાદન સમયે પણ એમનો સહકારને માર્ગદર્શન "સાગરે" પ્રાપ્ત કરેલાં. એટલું જ નહીં પણ શ્રી. મણિલાલની ગઝલો પર માર્ગદર્શક ટીકા પણ "સાગર" ની વિનંતીથી શ્રી. આનંદશંકર ધ્રુવે લખી હતી.

વસંતના એમના સંબંધને કારણે જ શ્રી. આનંદશંકર ધ્રુવના લેખોની અસર "સાગર" ના ગધ્ય સાહિત્ય પર પણ પડી છે એ સ્પષ્ટ જ છે.

"જ્ઞાનસુધા" અને "વસંત" માસિકો સાથેના સંબંધની માફક "સમાલોચક" અને તેના તંત્રી શ્રી. ચંદ્રશંકર ન. પંડયા સાથેના સંબંધનો ઉલ્લેખ કરવો અહીં આવશ્યક છે.

કલાપી ગ્રંથાવલી અમદાવાદની ઓફિસે શ્રી. ચંદ્રશંકર પંડયા સાથે પ્રથમ મુલાકાત સાગરને થયેલી. પછી તો "સમાલોચક" માં પ્રગટ કરવા માટે કાવ્યો મોકલવા શ્રી. ચંદ્રશંકર પંડયાએ "સાગર" ને વિનંતી કરતાં, એ પછી બન્ને વચ્ચેનો સંબંધ દિનપ્રતિદિન વધતો ગયેલો.

એણે પત્રમાં પોતાની સ્નેહ ફિલસૂફીની એક પત્રમાં શ્રી. ચંદ્રશંકર પંડયાને વિસ્તારથી સમજ આપી છે. આ પછી બન્ને વચ્ચે અવારનવાર સાહિત્યચર્ચાઓ પણ થઇ હતી.

શ્રી. ચંદ્રશંકર પંડયાને "સાગરે" લખેલા એક પત્રમાં તેઓ જણાવે છે કે: "સામાન્ય સ્નેહ કરતાં અતિશય ઉન્નત, અતિશય દૃઢ અને એટલે કે અનન્ય સ્નેહ જેને હું સર્વોપરી સ્નેહ કહું છું્યા સ્નેહયોગ કહું છું તેનો હું પૂજારી છું અને ચિત્તની તમામ વૈવિધ્યવાહિનીઓ એક જ કેન્દ્ર તરફ, સ્વભાવ તરફ અભિમુખ થયેલી હોય એટલું જ નહીં પણ આંતરના અર્પણે એ કેન્દ્રસ્થાને પૂજાતું હોય એ દશાને હું સ્નેહયોગ કહું છું. સૌન્દર્યની જે ઝાંખી છે તે જ સ્નેહની ઝાંખી છે. એજ હૃદયનું ક્ષેત્ર અને ઉપાસ્ય થાય છે, એને Beau-Ideal કહે છે. .. .. .. મીરાંબાઇને તે એક સ્થલે - તેની મનગમતી મૂર્તિમાં થાય છે અને એ જ પ્રમાણે ખરા સૂફીને તે દર્શન પોતાની હૃદય મૂર્તિમાં અનુભવાય છે.[૫]

ઇ.સ. ૧૯૧૩ માં ગુજરાતી ગઝલિસ્તાનમા સંપાદન સમયે શ્રી. ચંદ્રશંકર પંડયાની થોડીક ઉત્તમ ગઝલો પણ "સાગરે" આગ્રહપૂર્વક મંગાવી પ્રગટ કરી હતી. એટલું જ નહીં પણ એમના પિતાશ્રી નર્મદાશંકર પંડયાની ગઝલો પણ સ્નેહપૂર્વક પ્રગટ કરેલી.

ગુજરાતના ફારસી સાહિત્યના તેમજ નાટય સાહિત્યના વિવેચક અને સાક્ષર શ્રી. રણછોડભાઇ ઉદયરામ સાથેનો "સાગર" નો સંબંધ ખૂબ ગાઢ હતો. પરિણામે ગુજરાતી ગઝલિસ્તાનમાં શ્રી. રણછોડભાઇનો ફારસી કાવ્યરચનાનો લેખ ખૂબ જ ઉપયોગી લાગવાથી "સાગરે" તેમાં પ્રગટ કરવા પ્રાપ્ત કરેલો.

શ્રી. રણજિતરામ વાવાભાઇ મહેતા સાથેનો "સાગર" નો સંબંધ પણ એમની "ગુજરાતી ગઝલિસ્તાન" ના સંપાદન અંગે જ હતો. કવિ નર્મદની

...........

[૫] "સાગર" ની પત્રરેખા" પૃ. ૧૧૧

"ચંદા" ગઝલ પર માર્ગદર્શક ટીકા લખવાનું કાર્ય "સાગરે" શ્રી. રણજીતરામને સોંપેલું. પ્રસંગોપાત એમની સાથેનો સંબંધ પણ ચાલુ રહેલો.

શ્રી. ડાહ્યાભાઇ પી. દેરાસરી - "બુલબુલ" "સાગર" ના જિગરજાન મિત્ર હતા. જીવનના તેમજ સાહિત્યના ક્ષેત્રમાં "સાગર" અને દેરાસરી એક બીજાના પૂરક અને માર્ગદર્શક નીવડેલાં. "ગુજરાતી ગઝલીસ્તાન"માં "સાગરે" "બુલબુલ" ની સોળ ઉત્તમ ગઝલો પ્રગટ કરી એમને "ગુજરાતી ગઝલિસ્તાન" દ્વારા ગઝલ સાહિત્યમાં ચિરંજીવ સ્થાન અપાવ્યું છે.

દિવાનબહાદુર શ્રી. કૃષ્ણલાલ ઝવેરી સાથેનો "સાગર" નો સંબંધ નોંધપાત્ર છે. "સાગરે" "ગુજરાતી ગઝલીસ્તાન" ના સંપાદન સમયે શ્રી. ઝવેરી સાથે ચર્ચા કરેલી અને માર્ગદર્શન પણ પ્રાપ્ત કરેલું. બન્ને વચ્ચેનો સંબંધ પત્રવ્યવહાર અને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રસંગોપાત ચાલુ રહેલો. "ગુજરાતી ગઝલીસ્તાન" માં "સાગરે" લખેલો "ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય" નામક વિવેચનાત્મક લેખ -ઉપોદઘાત શ્રી.કૃષ્ણલાલ ઝવેરીને આ ક્ષેત્રમાં એક માત્ર અભ્યાસપૂર્ણ લેખ હોવાની પ્રતીતિ થયેલી. પાછળથી સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય દ્વારા દી.બ. શ્રી.કૃષ્ણલાલ ઝવેરીએ કરેલા ગુજરાતની ગઝલોના સંપાદનમાં શ્રી. ઝવેરીએ "સાગર" ના આ વિદ્વતાપૂર્ણ ઉપોદઘાતનું શ્રી. મણિભાઇ ત્રિપાઠી દ્વારા પરવાનગી માંગી. એમાં ખાસ સ્થાન આપેલું.

"સાગર" ના બન્ને લઘુબંધુ શ્રી. કુંજ તથા શ્રી. મણિભાઇ તેમજ "સાગર" ના મિત્રો "મસ્તાન" "દિલચમન" અને 'વિષ્ણુ' - વિષ્ણુપ્રસાદ દ. ત્રિવેદી તેમજ 'સ્નેહજ્યોતિ' - સ્વામી સ્વયંજ્યોતિતીર્થ - તેમજ "લલિત" ની ગઝલો "ગુજરાતી ગઝલિસ્તાન" માં "સાગરે" પ્રગટ કરેલી અને તે દ્વારા મિત્રરૂણ અદા કરેલું. "મસ્તાન", 'કુંજ', 'મણિભાઇ', 'સ્નેહજ્યોતિ'

ઉપર "સાગર" ની કવિતાની સવિશેષ અસર દેખાય છે.

કરીમ મહમ્મદ માસ્તર અને "વીસમી સદી" ના તંત્રી શ્રી. અલારખિયા શિવજી સાથેનો "સાગર" નો સંબંધ પણ ગઝલ સાહિત્યના સંબંધનું જ પરિણામ હતું. "વીસમી સદી" ના તંત્રી શ્રી. અલારાખયાને "કલાપી" નાં કાવ્યો ચિત્રો સાથે "વીસમી સદી" માં પ્રગટ કરવા અંગે કેટલીક સૂચનાઓ આપેલી, તેનો યોગ્ય અમલ ન થતાં એમણે કડક પત્ર પણ લખ્યો હતો. અન્ય માસિકોની માફક "વીસમી સદી" માં "સાગર"ની ગઝલો પણ પ્રગટ થતી અને એ રીતે પણ અલારખિયા અને "વીસમી સદી" સાથે "સાગર" ને ગાઢ સંબંધ હતો. "સાગરે" ઉમરખય્યામની કેટલીક રુબાઇયતોનો અનુવાદ કર્યો હતો. "સાગર" નો આ અનુવાદ અલારખિયા શિવજીને અત્યંત ગમ્યો હતો. ઉમરખય્યામના પોતે આજીવન અભ્યાસી છે તેમ જણાવી તે માગણી એ અનુવાદ એમને આપી દેવા કરતાં રુબાઇયતોનો એ અનુવાદ તેના સર્વહકક સાથે "વીસમી સદી" માટે "સાગરે" સહર્ષ આપી દીધો હતો. એ અનુવાદ કદાચ અલારખિયાના નામથી "વીસમી સદી" ના અંકોમાં પ્રસિધ્ધ થયો હશે એવી સંભાવના "સાગર" ના લઘુબંધુ શ્રી. મણિભાઇ ત્રિપાઠીએ વ્યકત કરી છે. સાગરે કરેલો આ અનુવાદ એમને આપી દેવા માગણી કરતાં કરીમ મહમ્મદ માસ્તરની કેટલીક ગઝલો "સાગરે" "ગુજરાતી ગઝલિસ્તાન" માં પ્રગટ કરેલી.

સાક્ષર શ્રી. કે.હ.ધ્રુવ સાથેનો "સાગર" નો પ્રત્યક્ષ સંબંધ ગુજરાત વર્નાકયુલર સોસાયટીમાં જોડણીકોષ ના કાર્ય અંગે "સાગરે" ઇ.સ. ૧૯૦૬ માં થોડાક માસ માટે કરેલી નોકરીના પ્રસંગે કારણે હતો.

ઇ.સ. ૧૯૩૧ માં ગુજરાત વર્નાકયુલર સોસાયટી દ્વારા શ્રી. અખાજીનાં અપ્રસિધ્ધ ભજનો, સાખીઓ, ઝૂલણા ઇત્યાદિ સાહિત્યના અપ્રસિધ્ધ અક્ષયવાણી

નામે ગ્રન્થ રૂપે પ્રસિધ્ધ કરવાની "સાગર" ની સૂચનાનો શ્રી. કેશવલાલ ધ્રુવે સ્વીકાર કર્યો હતો. અને શ્રી. અખાજીની પ્રણાલિકા કહાનવા બંગલાની ગાદીના શ્રી. ભગવાનજી મહારાજ પાસેથી આ સાહિત્ય સોસાયટી દ્દારા પ્રસિધ્ધ કરવા માટે પ્રાપ્ત કરાવી આપવાની ગોઠવણ કરવા માટે શ્રી. કે.હ.ધ્રુવે "સાગર" ને વિનંતી કરતાં આ કાર્ય "સાગરે" સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આ ગ્રન્થ ઉપરની વિવેચનાત્મક ટીકા અને સંશોધનનું કાર્ય પણ સોસાયટી તરફથી "સાગર" ને સોંપાયેલું જે શ્રી. કે.હ.ધ્રુવ સાથેના સંબંધને પરિણામે જ. આ સંપાદનની ગોઠવણ દ્દારા શ્રી. કે.હ. ધ્રૂવે સોસાયટીને આ અમૂલ્ય સંપાદનનો યશ પ્રાપ્ત કરાવ્યો છે.

શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ - "કાન્ત" સાથેનો "સાગર" નો સંબંધ લગભગ ૧૧ વર્ષ સુધી એટલે કે ઇ.સ. ૧૯૦૫ થી ઇ.સ. ૧૯૧૬ સુધી રહ્યો હતો. "સાગર" ના સાહિત્યિક જીવનમાં પ્રારંભકાળને મધ્યાહ્ન કાલ સુધી કાન્તે માર્ગદર્શન ને પ્રેરણા આપ્યા હતા. જીવન અને સાહિત્ય ઉભય ક્ષેત્રે સલાહસૂચનો આપી સહાનુભૂતિ દર્શાવનાર વ્યકિતઓમાં રમણભાઇની સાથે કાન્તનું નામ પણ એટલું જ અગત્યનું છે.

"કલાપીના કેકારવ" ની પ્રસિધ્ધિ થતાં "સાગર" નું લાગણીપ્રધાન હૃદય "કલાપી"તરફ નમી જાય છે. "સાગર" નું સ્નેહી હૃદય કેકારવમાં સ્નેહની ગીતા જોતાં જોતાં "કલાપી" ને મનોમન ગુરુ તરીકે સ્વીકારીને ઇ.સ. ૧૯૦૫ માં માર્ચ માસમાં કેકારવની એક નકલ મોકલવા "કાન્ત"ને "સાગરે" લખેલા પત્રથી "કાન્ત" ની સાથેના "સાગર" ના સંબંધનો પ્રારંભ થયો.

ઓગણીસમી ડિસેમ્બર ઇ.સ. ૧૯૦૫ ના દિને "કાન્ત" "સાગર"ને ભેટનું એક પુસ્તક મોકલે છે અને તેના પર વિવેચન લખવાની "સાગર" ને વિનંતી કરે છે.

વળી, તે પછીના પત્રમાં "મ્હને તું ચાહે છે!" એ પંકિત મોકલી "કાન્ત" "સાગર"ને આ પંકિત ઉપરથી કાવ્ય લખવા અનુરોધ કરતાં "સાગર" "અન્તઃશ્રુતિ" નામક કાવ્ય આ પંકિત ઉપરથી રચીને મોકલે છે. તેનો જવાબ આપતાં "કાન્ત" "સાગર"ને લખે છે કેઃ "મ્હને તું ચાહે છે" એ સંબંધી તમારી પંકિતઓ ઘણી સારી લાગી. તમારી ઇચ્છા છે તો બેશક પિતા પ્રભુ તે પૂર્ણ કરશે". આજ પત્રમાં તેમના અનન્યશિષ્ય શ્રી. કરુણાશંકર માસ્તર સાથેનો પરિચય વધારવા અને તેમના સમાગમનો લાભ આપવા "કાન્ત" "સાગર" ને નિમંત્રણ આપે છે.

બીજા એક પત્રમાં "કાન્ત" લખે છે કેઃ "તમારા ઘણાં સૂત્રો મને ગમ્યાં છે. તમારી લાગણીઓ કોમલ છે. તમારી લખવાની પધ્ધતિ મને ગમે છે. ૧૯૦૬ના માર્ચની બારમી તારીખના પત્રમાં "કાન્ત" પોતાના "લગ્નસ્નેહ" ગ્રંથની નકલ નૂતન વિલાસ પ્રેસમાંથી પ્રાપ્ત કરવા જણાવે છે. "સાગર" ના જીવનના કસોટી કાળમાં હિંમત અને પ્રેરણા આપતાં આ જ માસની ૨૩ મી તારીખે લખેલા પત્રમાં "કાન્ત" લખે છે કેઃ કોમળ હૃદય જ સુખી થઇ શકે. શરૂઆતના ઘાથી જ રણમાં ઊભા રહેવાની શકિત આવે. તમે હજી પ્રભુને જાણતા નથી માટે જ નિરાશ અને કાયર જેવા છો. નેતા પ્રભુ છે. માર્ગ પણ પ્રભુ છે. નેતા અને માર્ગ એક કેમ તે તમે મને પૂછી શકો. એના જવાબ માટે તમારે ક્રાઇસ્ટનું ચતુર્મુખ ચરિત્ર વાંચવું જોઇએ.

"સાગરે" "થાકેલું હૃદય" નામક કથાકાવ્ય લખવાની યોજના ઘડી કાઢી હતી તે અંગે પોતાની ડાયરી તેમજ યોજનાનું માળખું ઇ.સ. ૧૯૦૭ માં "સાગરે" કાન્ત ને અભિપ્રાય માટે મોકલ્યું હતું. તે અંગે એક પત્રમાં કાન્ત લખે છે કેઃ "થાકેલું હૃદય" માં મારે હૃદય જોવાનું રહ્યું નહોતું. ડાયરી ઉપરથી અને તમારા પત્રો ઉપરથી અને બન્નેની અન્દરથી મને તે તો કંઇક અંશે સમજાયું હતું. મે માત્ર કવિતાનો પ્રયાસ જોયો હતો. સાધનો જોઇ સારું લાગેલું. સિધ્ધિ નો આધાર તમારા પ્રયત્ન ઉપર અને ઇશ્વરકૃપા ઉપર છે.

સ્વીડનબર્ગનો અભ્યાસ કરવાની "સાગર" ને ભલામણ કરતાં આ જ પત્રમાં "કાન્ત" લખે છે કે: સ્વીડનબર્ગના બધાં પુસ્તકોની ભાષા અતિશય સરળ છે. રસ્કીનને ધર્મનો સ્નેહ છે પણ સિધ્ધાન્તના ઘણા સત્યોથી તે બેખબર છે. પ્રકાશ વગર સ્થૂલ દૃષ્ટિ પણ જોઇ ન શકે તો આન્તર પ્રકાશ વગર આન્તર દૃષ્ટિ શી રીતે જોઇ શકે? પ્રકાશનો પ્રભવ સવિતા છે. તેનો ગાયત્રીમન્ત્ર સમજીને પ્રાર્થના કરનાર જ પોતાને જાણી શકે.

ન સમજવાને લીધે રસ્કીનનું જીવન જેવું સફળ થઇ શકત તેવું થયેલું નથી.

"સ્વર્ગ અને નરક" ધ્યાનથી વાંચવાથી ગાયત્રી મન્ત્રનું રહસ્ય સમજી શકાશે તેમ એ પછીના પત્રમાં જણાવી સ્વીડનબર્ગની "કાન્ત" હિમાયત કરે છે. "સાગર" પોતે સ્વીડનબોર્ગીઅન કહેવડાવવા રાજી નથી. તેમ છતાં તેમનાં ઘણાં ખરાં સૂત્રોનો તેમણે કરેલો સ્વીકાર "સાગર" ની પત્રરેખામાં "સાગરે" "કાન્ત" સાથે કરેલી ચર્ચા અંગેના પ્રગટ થયેલા પત્રમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

સ્વીડનબર્ગની મહત્તા સમજાવતાં "કાન્ત" "સાગર"ને એક પત્રમાં લખે છે કે: "ઇસ્લામ, વેદ અને દુનિયાનાં તમામ પ્રાચીન પુસ્તકો અને લેખો સમજવા નું શાસ્ત્ર સ્વીડનબર્ગ પ્રકાશમાં લાવ્યો છે. માત્ર બાઇબલ નહીં". સ્વીડનબર્ગે રજૂ કરેલાં સત્યો ઉપનિષદ અને સૂફીવાદને સમરૂપ છે એમ જણાવી "સાગર" પોતાની વેદાંતશ્રધ્ધા જાહેર કરે છે એટલું જ નહીં પણ પોતે "કાન્ત" ના અભિપ્રાય સાથે સંમત નથી તેમ સ્પષ્ટ જણાવતાં બન્ને વચ્ચે મન:દુ:ખ થયેલું પરન્તુ પાછળથી "સાગર" ના આગ્રહે પત્રવ્યવહારનો પુન: પ્રારંભ થયેલો.

"સાગર" કાન્તનાં અંજનીગીતોના અભ્યાસ વ્દારા પ્રેરણા પ્રાપ્ત કરી થોડાંક અંજનીગીતો રચે છે અને તે "કાન્ત" પર મોકલી આપે છે. આ અંગે ૧૯૦૭ ના ઓગસ્ટની ૬ઠ્ઠી તારીખે લખેલા એક પત્રમાં "કાન્ત" જણાવે છે કે :

"તમારા અંજનીગીતો મળ્યાં છે. રૂપ બરાબર નથી. શુધ્ધરૂપમાં ચાર જ ચરણ આવે છે, અને પહેલાં ત્રણનો પ્રાસ".

૧૯૦૮ ના ઓકટોબરની ચોથી તારીખે લખેલા એક પત્રમાં "કલાપી અને તેની કવિતા" નામક "સાગર" ના વિવેચન લેખ અંગે "કાન્ત" તેમને જણાવે છે કે: "કલાપી અને તેની કવિતા" એ લેખ સારો છે. કિંમત જણાવશો એટલે ખાતા તરફથી અમુક પ્રતો લેવા માટે તજવીજ કરીશ".

આમ "સાગર" ની સાહિત્યપ્રવૃત્તિઓમાં "કાન્ત" ની સહાનુભૂતિ અને માર્ગદર્શન અવારનવાર પ્રાપ્ત થતાં રહે છે.

૧૯૦૮ ના ડિસેમ્બરની ચોવીસમી તારીખે "કાન્ત" એક પત્રમાં "સાગર" ને લખે છે કે: "કલાપીના વિવેચનનો બીજો ભાગ જોયો. મને ગમે છે. માસિકમાં પણ જે લખો છો તેથી સંતોષ થાય છે".

ઇ.સ. ૧૯૦૯ માં કાન્ત અમદાવાદમાં "સાગર" ની સાથે માણકેશ્વર મહાદેવમાં ઉતરેલા. અને પ્રેમાભાઇ હોલમાં "કલાપી" પર વ્યાખ્યાન આપેલું.

"સાગર" પોતાના સ્નેહી મિત્રોને પોતાનાં કાવ્યો રચાય કે તરત જ તેની નકલ મોકલતા. પોતાના સાહિત્ય મિત્રોમાં "કાન્ત" તથા "લલિત" અને શ્રી. ચંદ્રશંકર પંડયાને તે પોતાનાં કાવ્યો મોકલતા. "કાન્ત" પણ તેમનાં કાવ્યો અવનરનવાર મોકલતા. "સાગરે" "કાન્ત" ને મોકલેલાં "અદભુત વિભૂતિ" અને "દ્વિજ જીવનને દ્વારે" કાવ્યો વિષે "કાન્ત" ૧૯૦૯ ના સપ્ટેમ્બરની સત્તાવીસમી તારીખના પત્રમાં જણાવે છે કે: "ઉર અટવીમાં ઊંડું ઊંડું તપોવન સ્થાપવાની અને બીજી તમારી શુભેચ્છાઓ પરમાત્મા સફલ કરે".

૧૯૧૦ના જૂનની દશમી તારીખે લખેલા પત્રમાં "કાન્ત" એમનાં કાવ્યો અંગે લખે છે કે: "તમારાં કાવ્યોમાં ઘણું નવું નવું ઊ તરતું દેખાય છે- એ સંબંધમાં ઘણું વધારે કહેવું જોઇએ અને કહેવાની ઇચ્છા પણ છે પણ એ પાર પડે ત્યારે ખરી".

"કલાપીનો કેકારવ" ની બીજી આવૃત્તિ અંગે "સાગર" ની સલાહ માગતો પત્ર ૧૯૧૦ ના સપ્ટેમ્બરની દશમીએ "કાન્ત" લખે છે, તેમાં તે જણાવે છે કે: "માત્ર પ્રસ્તાવના બાકી છે. તમારે એ સંબંધી જે કહેવાનું હોય તે સત્વરે મોકલો તો સારું- પાછળ કંઇ        આપીએ તો કેમ. તમને લાગે તે લખી મોકલશો.

"કલાપી" ના અભ્યાસી તરીકે આમ, "કાન્ત" પણ "સાગર" નો અભિપ્રાય મહત્વનો ગણે છે. ઇ.સ. ૧૯૧૧ ના સપ્ટેમ્બરની ચોથી તારીખે લખેલા એક પત્રમાં "કાન્ત" "સાગર" નાં કાવ્યો વિષે જણાવે છે કે: "પાંચ કવિતાઓ મળી. સર્વમાં લાગી રહેલી લગની સ્પષ્ટ છે".

"સાગરે" પોતાની તેમજ "કલાપી" ની ગઝલો ઉપર "ગુજરાતી ગઝલીસ્તાન" ના તેમના સંપાદન અંગે        લખવા માટે "કાન્ત" ને વિનંતી કરી હતી. તે સંબંધમાં એક પત્રમાં "કાન્ત" જણાવે છે કે "કલાપીની કે તમારી ગઝલો પર ટૂંકી નોટસ લખવાનું કહો છો તે યોગ્ય નથી. એ કામ તમારું છે અને તમારે જ તે કરવું જ જોઇએ તમને જે યોગ્ય લાગે તે પસંદગી કરવાની છૂટ છે.

તેમાં સંકોચ અસ્થાને છે. કવિ નાનાલાલની ગઝલો'પર લખી આપવાને તમે ભાઇ રણજિતરામને વિનવ્યા છે પણ મને લાગે છે કે તમે પોતે જ બધા ઉપર લખો તે વધારે યોગ્ય ગણાય- થાય".

"સાગર" નું ગઝલના ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન આ રીતે "કાન્ત" સ્વીકારતા હોય એમ લાગે છે.

આજ પત્રમાં તે એક સૂચન કરતાં લખે છે: "ઉર્દૂના શબ્દોની જોડણીમાં જેમ સરળતા રહે તેમ સારું. નૂકતા ન વાપરવા ઝ થી ચલાવી લેવું એ મને તો ઠીક લાગે છે". "કાન્ત" નું આ સૂચન "સાગરે" સ્વીકાર્યું છે.

૧૯૧૨ ના ઓગસ્ટની પચીસમી તારીખે લખેલા પત્રમાં "કાન્ત" "સાગર"ની હૃષિકેશ યાત્રા તેમના આંતરની સ્થિતિ માટે ઉપકારક ગણાવતાં લખે છે: "પ્રેમની બલિહારીનું ગીત મળ્યું. અમુક આંતરસ્થિતિમાં બાહ્યસ્થાનો અંદરનું દ્વાર ઉઘાડવામાં મદદ કરે છે એ ખરું છે. બ્રહ્મપુરીના અરણ્યના વર્ણન માટે આભાર. આશા છે કે એક વાર તો આવી જશો,"

"કાન્તે" "સાગર" સાથેના લાંબા સંબંધને પરિણામે "અજ્ઞાન સખા પ્રતિ" "મ્હારી કિસ્તી", "આત્મજ્ઞાન" "અનન્ત વાત્સલ્ય" ઇત્યાદિ કાવ્યો સ્નેહપૂર્વક મોકલ્યા હતા. "કાન્ત" અને "સાગર" નો સ્નેહસંબંધ "સાગર" ના હૃષિકેશ નિવાસ દરમિયાન અને તે પછી પણ ચાલુ રહ્યો હતો. "સાગર" ના સાહિત્યજીવનમાં "કાન્તે" માર્ગદર્શક તરીકે નોંધપાત્ર ફાળો આપ્યો છે.

સાક્ષર શ્રી. બ.ક.ઠાકોર સાથેનો "સાગર"નો સંબંધ માત્ર એક જ પ્રસંગ અંગે હોવાનું "સાગર" ના એક અપ્રસિધ્ધ પત્ર ઉપરથી અનુમાન થાય છે. શ્રી. બ.ક.ઠા. એ "આપણી કવિતા સમૃધ્ધિ" ની લેખમાળામાં કવિ તરીકે "સાગર" ને સ્થાન આપ્યું હતું. તેમનું અન્તશ્રુતિ કાવ્ય જેની પ્રથમ પંકિત "કાન્તે" મોકલી હતી તે "આપણી કવિતા સમૃધ્ધિ" માં પ્રગટ કરવાનું શ્રી. બ.ક.ઠાકોરને મુનાસિબ લાગ્યું હતું, પરંતુ:

અને, શી આજ્ઞાઓ, પરમ પ્રભુની શબ્દ, શ્રુતિએ.
સ્મૃતિએ છે તો યે, કમનસીબ પાળી નવ શકું.

પંકિતઓમાં "સાગરે" પ્રયોજેલો "કમનસીબ" શબ્દ તેમની દૃષ્ટિએ યોગ્ય ન લાગતાં તેને બદલે બીજો કોઇ શબ્દ બદલવાનું સૂચન શ્રી. ઠાકોરે કર્યું હતું. "સાગર" ને પોતાની આંતરસ્થિતિના યોગ્ય પ્રગટીકરણ માટે "કમનસીબ" શબ્દ જ યોગ્ય લાગતાં તેમણે એ સૂચનનો ઇન્કાર કર્યો હતો. પરિણામે "પ્રસ્થાન" ની લેખમાળામાં "સાગર" નો કવિ તરીકે ઉલ્લેખ હોવા છતાં પાછળથી "આપણી કવિતા સમૃધ્ધિ" (બીજી આવૃત્તિ) માં શ્રી. ઠાકોરે એમના આ કાવ્યને સ્થાન આપ્યું નથી.

પરિણામે અર્વાચીન યુગના આ મસ્તરંગના કવિની કાવ્યકૃતિ બીજા કોઇ સંગ્રહમાં પણ પ્રગટ થઇ નહીં – અને એ રીતે શ્રી. બ.ક.ઠા. ને હાથે "સાગર" ને અન્યાય થયો હોય એમ લાગે છે. "આપણી કવિતા સમૃધ્ધિ" ની લેખમાળાના કવિ તરીકે "સાગર" અંગેની વિગતો પણ "પ્રસ્થાન" માં તે સમયે માગી હતી. પ્રગટ કરી હતી, તેમછતાં શ્રી. બ.ક.ઠા.ના દૃઢાગ્રહી માનસને પરિણામે જ "અન્તશ્રુતિ" કાવ્યને " આપણી કવિતા સમૃધ્ધિ" ની બીજી આવૃત્તિના સંપાદનમાં સ્થાન મળ્યું નહીં.

"લલિત" સાથેનો "સાગર" નો મૈત્રિભર્યો સંબંધ ઘણાં વર્ષો સુધી રહ્યો હતો. "લલિત"ના કાવ્યો ઉપર "સાગર" ના ઉત્તરજીવનના ભજનોની પ્રબળ છાપ જોઇ શકાય છે. "લલિતે" "સાગર" ના એક ભજનની પ્રશંસા કરતાં લખ્યું હતું કે:

"સાગર" ના મિત્ર મસ્તાન– શ્રી. હરિલાલ મથુરાદાસ મશર અને ~~તેમનાં~~ સાગરના શિષ્યા માતાજી ઓમકારેશ્વરીના સાહિત્યજીવન પર પડેલી પ્રબળ અસર તેમના પ્રસિધ્ધ અપ્રસિધ્ધ સાહિત્ય પરથી જોઇ શકાય છે.

"સાગર" ના સાહિત્યિક તેમજ આધ્યાત્મિક જીવનને એક બીજાથી ભિન્ન રીતે જોઇ શકાય તેમ નથી- કારણ કે "સાગર" કવિતાને - સાહિત્યને આધ્યાત્મિક જીવનના ઉત્કર્ષ માટે સાધન તરીકે જ સ્વીકારતા.

## "સાગર" ના સાહિત્યિક જીવનનાં પ્રેરક બળો

"સાગર" ની જીવનરેખામાં આપણે વિગતે જોઇ ગયા છીએ કે એમની પ્રાથમિક અને માધ્યમિક કેળવણી દરમિયાન એમના પર પડેલા સાહિત્ય સંસ્કારોને પરિણામે વિદ્યાર્થી અવસ્થામાં પણ "સાગર" ગુજરાતીમાં લેખોનો અનુવાદ કરતાં, કવિતાઓ લખતા અને સામયિકોમાં પ્રગટ કરવા માટે પણ મોકલતા. ઇ.સ. ૧૮૯૮ માં મેટ્રિકમાં આવતાં તેમણે શાળા છોડી સાહિત્યપ્રવૃત્તિનો જ શોખ પૂરજોશથી ચાલુ રાખ્યો તેની પાછળ "પાદપૂર્તિ હરિફાઇ" માં "દાઝયા ઉપર ડામ" ની પાદપૂર્તિ માટે શાળામાં એમને કવિ દલપતરામના હાથે મળેલું પ્રથમ ઇનામ અને વિદ્યાર્થી અવસ્થા દરમિયાન શ્રી. લાખિયા અને શ્રી. અચા સાહેબે એમના પર પાડેલા સાહિત્ય સંસ્કારોને તેનું કારણ ગણવું જોઇએ.

કવિ દલપતરામના હસ્તે પ્રથમ ઇનામ પ્રાપ્ત થાય તે પ્રસંગ કોઇપણ વિદ્યાર્થીને માટે તેની સાહિત્ય પ્રત્યેની પ્રીતિને સવિશેષ દૃઢ કરે અને પ્રેરણા આપે તેવો હતો.

ઇ.સ. ૧૮૯૮ માં મણિલાલના ગુલાબસિંહનો તેમજ ગોવર્ધનરામના "સરસ્વતીચંદ્ર" અને "સ્નેહમુદ્રા" નો સાગરે અભ્યાસ કર્યો હતો. ઇ.સ. ૧૯૦૭-૦૮ માં "સાગરે" રચેલા કથાકાવ્ય "થાકેલું હૃદય" નું બાહ્ય સ્વરૂપ "સ્નેહમુદ્રા" ને સમરૂપ છે, એટલું જ નહીં પણ કેટલાંક વિચારો અંગેની અસર પણ "સ્નેહમુદ્રા"ને તેની સાથે સરખાવવાથી સ્પષ્ટ જોઇ શકાય છે.

માતાજી ઓમકારેશ્વરીએ જીવનમાં કેટલાક મહત્વનાં વર્ષો તેમને આધ્યાત્મિક જીવન માટે માર્ગદર્શક ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. તેમનાં ભજનો "માતાજી ઓમકારેશ્વરી ભજનામૃત" નામક પુસ્તકાકારે પ્રગટ થયાં છે. એમનાં ભજનો પર "સાગર" ની પ્રબળ અસર દેખાય છે. "સાગરે" પણ તેમના ભજનના એકાદ બે ઢાળ પરથી ભજનો લખ્યાં છે એટલું જ નહીં, પરન્તુ "તું તો બ્રહ્મકુમાર" અને "તું તો જ્યોતિકુમાર" હંસગુફાના વાસી ભજનો દ્વારા માતાજી ઓમકારેશ્વરીની આધ્યાત્મિક પ્રગતિ વ્યકત કરી છે.

મસ્તાનની ગઝલો ઉપર "સાગર" ની પ્રબળ અસર છે. "સાગરે" તેમની કેટલીય ગઝલો સુધારી છે. "ગુજરાતી ગઝલિસ્તાન" માં થોડીક ગઝલો પ્રગટ થઇ છે.

કોઇની સાથે વિશિષ્ટ સ્નેહ એ માયા છે એ વાત સિધ્ધાન્ત તરીકે "એક મહાન ભૂલ" કાવ્યમાં સ્વીકાર્યા પછી "સાગરે" પોતાના ઉત્તર જીવનના તેમનાં સાહિત્યમિત્રો સાથે કશો વિશિષ્ટ સંબંધ રાખ્યો નહીં પરિણામે જેટલા સાહિત્ય આદરના તે અધિકારી હતા તેટલો આદર તે પ્રાપ્ત કરી શકયાં નહીં.

"સાગર" ની સાહિત્યિક જીવન સાથે તે સમયના લગભગ બધા જ સાક્ષરો સંકળાયેલા હતા એટલું જ નહીં પણ નાનાલાલ, રમણભાઇ અને "કાન્ત" સાથેનો "સાગર" નો મૈત્રીભર્યો સંબંધ ઘણાં વર્ષો સુધી રહેલો- પરિણામે ત્રણેનું માર્ગદર્શન "સાગર" ના સાહિત્યજીવનમાં ઉપકારક નીવડયું હતું.

આમ, ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો સાથે "સાગર" નો સંબંધ મિત્રતાભર્યો રહ્યો હતો.

"સાગર" ના ઇ.સ. ૧૮૯૮ ના અભ્યાસનું જ આ પરિણામ છે એ સ્પષ્ટ જ છે.

ઇ.સ. ૧૯૦૧ માં સ્વામી રામાનન્દ સાથે પરિચય થતાં "સાગર" ને તેમના દ્વારા પ્રાપ્ત થયેલી નોટબુકનું સાહિત્ય – આત્મસિધ્ધિ શાસ્ત્ર, કાફર બોધ, સ્વામી સહજાનન્દનાં વચનામૃત તેમજ નરસિંહ, મીરાં તેમજ અન્ય સંતોની વાણીનું "સાગર" પરિશીલન કરે છે. "સાગર" ના હૃદયમાં આ અભ્યાસના પરિણામે જગતત્યાગની અને પ્રબળ વૈરાગ્યની ભાવના જાગે છે. ઇ.સ. ૧૯૦૧-૮ ના પ્રારંભકાલના "સાગર" ના સાહિત્ય ઉપર તેની પ્રબળ અસર પડી છે. આ ભાવના જ ઇ.સ. ૧૯૦૮ સુધીના "સાગર" ના સાહિત્યનું પ્રેરણાબળ હતું.

ઇ.સ. ૧૯૦૩ ના ડિસેમ્બરની સત્તરમીએ "સાગર" ના પિતાનો દેહાન્ત થતાં આ ભાવનાનો અંતરગ્નિ સવિશેષ પ્રદીપ્ત થતાં તેમના હૃદયમાં તેની જ્વાલાઓ ભભૂકી ઊઠે છે.

ઇ.સ. ૧૯૦૪ માં જાણે કે આ ભાવના મૂર્તિસ્વરૂપ ધારણ કરે છે. આ વર્ષમાં સ્વામી સ્વયંપ્રકાશ નામે બીજા એક સન્તની સેવાના ફલરૂપે "સાગર" ને તેમના દ્વારા શ્રી. અખાજીની ત્રણ પ્રધાનકૃતિઓ- અખેગીતા, અનુભવબિન્દુ અને ગુરુશિષ્ય સંવાદનો વિગતે અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થાય છે.

અખાજીની પ્રણાલિકાની ગાદી કહાનવા બંગલોના તે સમયના ગાદીપતિ શ્રી. ભગવાનજી મહારાજના સંપર્ક પછી તેમની પાસેથી શ્રી. અખાજીનું અપ્રસિધ્ધ સાહિત્ય તેમજ તેમની પ્રણાલિકાના બીજા સંતો લાલદાસજી, હરિકૃષ્ણજી, જીવણદાસજી, જીતામુનિ નારાયણ અને કલ્યાણદાસજીનું અપ્રસિધ્ધ સાહિત્ય "સાગરે" પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહિ પણ તેમના હિમાલય નિવાસ દરમિયાન અને તે પછી તેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો.

ઇ.સ. ૧૯૨૦માં સંતોની વાણી નામે પુસ્તક રૂપે અખાજીની પ્રણાલિકાના સંતોનું આ સાહિત્ય તેમણે પ્રગટ કર્યું હતું. અખાજીનું અપ્રસિધ્ધ સાહિત્ય- અપ્રસિધ્ધ અક્ષયવાણી અર્થાત અખાકૃત કાવ્યો ભા.૨ નામે પુસ્તક રૂપે શ્રી. કે.હ.ધ્રુવ દ્વારા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા એકનિષ્ઠાથી સંપાદન અને સંશોધન કરી માર્ગદર્શક ટીકા સાથે પ્રસિધ્ધ કરવાનો યશ પણ "સાગર" ઇ.સ. ૧૯૩૧ માં પ્રાપ્ત કરે છે.

આ બંને ગ્રંથોના સંપાદનની પ્રેરણા ઇ.સ. ૧૯૦૪માં સ્વામી સ્વયંપ્રકાશે એમને કરાવેલા અખાજીના અભ્યાસના એમના પર પડેલા સંસ્કારો દ્વારા જ "સાગર" ને પ્રાપ્ત થઇ હતી.

અખાજીની પ્રણાલિકા નામે ૬૦ પૃષ્ઠનો અખાજીનું અજાતદર્શન સમજાવતો સંતોની વાણીનો "સાગર" નોઉપોદઘાત ગુજરાતી સાહિત્યનું જ્ઞાનમાર્ગનું મૌલિક ચિંતન- વિવેચન હોઇ આ ક્ષેત્રમાં અગત્યનું સીમાચિહ્ન ગણી શકાય તેવો છે.

એમાં વિસ્તારથી "સાગરે" અખાજીમાંથી પ્રાપ્ત કરેલી અજાતવાદની વિચારધારા પણ સ્પષ્ટ સમજાવી છે.

ઇ.સ. ૧૯૦૫-૬ના વર્ષો દરમિયાન "કલાપીનો કેકારવ" નો "સાગરે" અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દ્વારા "સાગરે" "કલાપી"નું પ્રેમધર્મ - ઇશ્ક તત્ત્વ સ્વીકાર્યું હતું. એટલું જ નહીં, જગતભરના મહાન પ્રેમચિંતકો સ્વીડનબર્ગ, જેમ્સ એલન, એમર્સન, ટોલ્સ્ટોયનો વિગતે અભ્યાસ કરવાની "સાગર"ને પ્રેરણા પ્રાપ્ત થઇ હતી. ઇ.સ. ૧૯૦૩પછીનાં કેટલાંક વર્ષો "સાગરે" 'હાફેઝ', 'રૂમીસાહેબ', 'કાર્લાઇલ', 'ગેટે', 'કે-ટી', 'વિવેકાનન્દ', 'રામતીર્થ', 'રામકૃષ્ણ પરમહંસ', અને ગૌતમ બુધ્ધની કૃતિઓનો તથા ગીતા,

કુરાન, બાઇબલ અને મન્સુર, જામી, શબીસ્તરી, ઉમરખયામ, આદિના ગ્રન્થોનો પણ અભ્યાસ કર્યો હતો. "કલાપીનો કેકારવ" માં સ્નેહની ગીતા નિહાળતા "સાગર" ના પ્રેમ-ધર્મ-સ્નેહ યોગની વિચારધારામાં આ અભ્યાસની પ્રબળ છાપ જોઇ શકાય છે. તેમાં યે `સ્વીડનબર્ગ', `એમર્સન', `ગીતા', `નારદ-ભક્તિસૂત્ર', `કલાપી', `જેમ્સ એલન', અને `રૂમી સાહેબ' તથા `મહમ્મદ શબીસ્તરી'ની સવિશેષ અસર પડેલી દેખાય છે.

"કાન્ત" સાથે ઇ.સ. ૧૯૦૬ માં શરૂ થયેલા મૈત્રીભર્યા સંબંધને પરિણામે સ્વીડનબર્ગનો તેમજ બાઇબલનો "સાગર" અભ્યાસ કરે છે. બાઇબલના શામ્સનો અંજની ગીતો દ્વારા ભાવાનુવાદ પણ તેમણે કર્યો છે. "મહાત્મા સ્વીડનબર્ગનું ધર્મશિક્ષણ" નામે ઇ.સ. ૧૯૨૦ માં પ્રગટ થયેલી પુસ્તિકામાં "સાગરે" એમના સ્વીડનબર્ગના અભ્યાસનો નિષ્કર્ષ રજૂ કર્યો છે. એજ પ્રમાણે ગીતાના અભ્યાસના ફળરૂપે "ગીતાની વિચારણા" અને `ગીતાનું હૃદય', જેમ્સ એલનના અભ્યાસનો નિષ્કર્ષ                                        ના ભાષાન્તર "પશુમાંથી દેવ" :ભાષાન્તરકાર મોહનલાલ વિ. ગાંધી: ના "સાગરે" લખેલા ઉપોદઘાતમાં અને જીવનની વિચારણા નામક પુસ્તિકા દ્વારા "સાગરે" રજૂ કર્યો છે. મહાત્મા એમર્સનના ત્રણ નિબન્ધો આ પ્રેમ, સૌન્દર્ય અને પરમાત્મ તત્વના અભ્યાસના નિષ્કર્ષ રૂપે "સાગરે" મહાત્મા એમર્સનનું પરમાત્મ તત્વ :ઇ.સ. ૧૯૨૭: નામે પુસ્તિકા પ્રગટ કરેલી. આ સર્વની વિચારધારાની પ્રબળ અસર તેમના આત્મવિશ્લેષણાત્મક કાવ્યો ઉપર પણ પડી છે.

"સાગર" ના સંવાદો- `શિવાજી અને તાનાજી', `જયશિખરી અને રૂપસુન્દરી' `મજનુજોગી અને ફિરશ્તો' અને `ગુરુ મચ્છેન્દ્રનાથ અને ગુરુ ગોરખનાથ', માં પણ `સાગર'ના પ્રેમધર્મની આ વિચારધારાની પ્રબળ છાયા પડેલી દેખાય છે.

"ગુજરાતી ગઝલિસ્તાન" ના સર્વ પ્રથમ સંપાદન દ્વારા ગુજરાતી ગઝલ સાહિત્યની ગણનાપાત્ર સેવા "સાગરે" ઇ.સ. ૧૯૧૩ માં કરી હતી. તે ગ્રન્થનો ઉપોદ્દઘાત "ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય" દી.બ. શ્રી.કૃષ્ણલાલ ઝવેરીને એક માત્ર અભ્યાસપૂર્ણ લેખ લાગતાં "ગુજરાતની ગઝલો" ના તેમના સંપાદનમાં પણ તેને સ્થાન આપ્યું હતું. ગુજરાતી ગઝલ સાહિત્યની "સાગર"ની સેવા એમના પ્રેમધર્મના અભ્યાસનું જ પરિણામ હતું.

"સાગર" ના માર્ગદર્શક ગુરુ રાજવી કવિ "કલાપીના કેકારવ" નું ખૂબ મહેનત લઇ એકનિષ્ઠાથી ઇ.સ. ૧૯૩૧ માં "સાગરે" સંશોધન – સંપાદન કર્યું હતું. "કલાપી" ની પત્રધારાનું પણ સંશોધન – સંપાદન આ જ વર્ષમાં એમણે કર્યું હતું.

આમ:૧: "સાગર" ના પ્રેમધર્મની આધ્યાત્મિક વિચારણા સમજાવવા માટે એમણે લખેલા પત્રો "સાગર" નો ગદ્યલેખક તરીકેનો પરિચય "સાગર" ની પત્રરેખાદ્વારા આપે છે. "સાગરની વિચારણા" માં તેમના હિમાલય નિવાસ દરમિયાનની નોંધોનો સમાવેશ થાય છે.

:૨: "સાગર" નું ગદ્ય પદ્ય અને સંશોધન – સંપાદન – સર્વનો યશ તેમના પૌર્વાત્ય અને પાશ્ચાત્ય પ્રેમચિંતકોના અભ્યાસ દ્વારા તેમને સાંપડેલી પ્રેમધર્મની વિચારણાને આપવો જોઇએ.

"સાગર" ની સાહિત્યિક પ્રવૃત્તિઓ પાછળ પણ તેમનો પોતાનો આધ્યાત્મિક પ્રવાસ અને આધ્યાત્મિક જીવનનો સ્વાનુભવ છૂપાયેલો હોઇ, તેમના આધ્યાત્મિક જીવનના પ્રવાસમાં માર્ગદર્શક નીવડેલા ગ્રંથોના અભ્યાસનો વિગતે વિચાર કરવો અહીં આવશ્યક છે.

"સાગર" ના આધ્યાત્મિક પ્રવાસનાં પ્રેરક બળો

પ્રથમ પ્રકરણમાં આપણે જોઇ ગયા છીએ કે "સાગર" ને પિતા તરફથી પ્રાર્થના સમાજ દ્વારા સંસ્કારવારસો પ્રાપ્ત થયો હતો. આ સંસ્કાર વારસો એટલે જ પરમાત્મામાં દૃઢશ્રધ્ધા રાખી નિત્ય પ્રાર્થનાયુકત શુધ્ધ નીતિમય જીવન ગુજારવાનો દૃઢ આગ્રહ.

ઇ.સ. ૧૯૦૧માં સંત રામાનંદના સરખેજ નિવાસ દરમિયાન માત્ર અઢાર વર્ષના "સાગરે" તેમની અનન્ય ભકિતભાવે સેવા કરતાં સેવાના ફલરૂપે તેમણે "સાગર" ને એક નોટબુક પૂજન અને અભ્યાસ અર્થે આપી હતી. આ નોટબુકના સાહિત્યના અભ્યાસ અને સ્વામી રામાનંદના પ્રત્યક્ષ સત્સંગ અને બોધ દ્વારા તેમના હૃદયમાં સુપ્ત રહેલા ભકિતના સંસ્કારો જાગી ઊઠયા. આ નોટબુકમાં આત્મસિધ્ધિશાસ્ત્ર, તુલસીદાસજીનો મીરાં ઉપરનો પત્ર, નરસિંહ, મીરાં તેમજ અન્ય સંતોની વાણી, અને કાફર બોધ નો સમાવેશ થયો હતો. સ્વામી રામાનંદની મુલાકાત પછી એમના હૃદયમાં શુભેચ્છાની ભૂમિકાનો ઉદય થઇ ચૂકયો હતો. એમની પ્રથમ કાવ્યકૃતિ "ઉદ્ગાર" માં પોતાના હૃદયની વિરાગી દશાનો પરિચય આપતાં "સાગરે" લખ્યું છે કે:

સગાં, સંબંધીઓ વહાલાં; બધાં બહાનાં જૂઠાં ઠાલા.
પિતા, માતા, પતિ, પત્ની, અરેરે માત્ર કહેવાનાં
જૂઠો આ દમ્ભ સૌ ભાસે. નથી વિશ્વાસ વ્યવહારે,
ભ્રમણ વમળે ચડુ શાને. પ્રભુ વિણ કોણ છે મહારે!
ક્ષમા માગું: દયા માગું: બધું ત્યાગું: રઝા માગું.
અને બસ. એ જ અજમાવું, લલાટે જે લખાવેલું. [૬]

............

[૬] દીવાને સાગર-૧, પૃ. ૨૦ "ઉદગાર"

"સાગર" ના ઉદગાર સૂચવે છે કે જગત તરફ વૈરાગ્ય અને પરમાત્મા તરફ રાગની ભાવના "સાગર" ના હૃદયમાં ઘર કરીને બેઠી હતી. આ ભાવનાને ઇ.સ. ૧૯૦૩ના ડિસેમ્બરની સત્તરમી તારીખે પોતાના પિતાને દેહાન્ત થતાં પોષણ મળ્યું. એમણે પોતાના પિતાને આપેલી "નિવાપાંજલિ" માં જગતની નશ્વરતા અને જગતત્યાગની ભાવના વ્યકત કરી છે. "ભાવે ભકિત કરું ભગવાન. પ્રાર્થનામાં "સાગર" નું ઇ.સ. ૧૯૦૪ની દશાનું નિરૂપણ આ પ્રમાણે છે:

તું વિણ વિશ્વ વિશે નહીં મારું, કોઇ પ્રભો. નિર્વાણ:
ભાળી ભવાટવી ભડકી મરું છું. બાળક બહુ નાદાન.
ભાવે ભકિત કરું, ભગવાન. [૭]

ઇ.સ. ૧૯૦૪ શ્રી.ભગવાનજી મહારાજ સાથે પરિચય થતાં અખાજીનો અભ્યાસ કરવાની તેમના હૃદયમાં જાગેલી તમન્ના ઇ.સ. ૧૯૦૫માં સ્વામી સ્વયંપ્રકાશ નામે સન્તના સમાગમ વડે ફળીભૂત થઇ. એમણે "સાગર" ને અખાજીની ત્રણ કૃતિઓનો વિગતે અભ્યાસ કરાવ્યો. 'અખેગીતા', 'અનુભવબિન્દુ' અને ગુરુશિષ્યસંવાદના "સાગર" ના આ અભ્યાસે આત્મજ્ઞાન માટેની પૂર્વ-ભૂમિકા તૈયાર કરી આપી. ઇ.સ. ૧૯૦૫ "કલાપીનો કેકારવ" નો વિગતે અભ્યાસ કરવાનો "સાગર" દૃઢ નિર્ણય કરે છે અને તેમણે "કલાપીનો કેકારવ" દ્વારા વેચાતો મંગાવી અભ્યાસનો પ્રારંભ કર્યો. "કલાપીનો કેકારવ" ના તલસ્પર્શી અભ્યાસના પરિણામે એક તરફ સૂફીવાદના પુરસ્કર્તાઓ 'હાફેઝ', 'જામી', 'મન્સૂર', 'રૂમીસાહેબ', 'સ્વામી રામતીર્થ', 'મહમ્મદ શબીસ્તરી', 'ઉમર ખયામ', 'નઝીર શાહ'નો અભ્યાસ કરવાની એમને મળેલી પ્રેરણાનો અમલ કરવાનો પ્રારંભ કર્યો, તો બીજી તરફ પ્રેમયોગના પાશ્ચાત્ય વિચારકને એમર્સન, 'જેમ્સ એલન', 'ડેન્ટી', 'ગટે', 'કાર્લાઇલ', 'સ્વીડનબર્ગ', આદિનો અને પૌરસ્ય વિચારકોમાં ભગવાન 'શ્રીકૃષ્ણ', 'બ્રહ્મર્ષિ' 'નારદ', 'સ્વામી વિવેકાનન્દ', 'ગૌતમબુધ્ધ' 'કલાપી' અને નાનાલાલ ગોર્વધનરામનો પણ તલસ્પર્શી અભ્યાસ કરવાનું પણ શરૂ કર્યું.

લગભગ ૪-૫ વર્ષોના અભ્યાસના પરિશ્રમ પછી "સાગરે" પોતાના જીવનનાં વહેણ એમને આ અભ્યાસમાંથી પ્રાપ્ત થયેલી પ્રેમધર્મની વિચારણા અનુસાર વાળવાનો દૃઢપણે નિર્ધાર કર્યો.

આ અભ્યાસ દરમિયાન જ ઇ.સ. ૧૯૦૪-૬માં "સાગરે" શ્રીમાન નૃસિંહાચાર્યજીના શ્રેય:સાધક અધિકારી વર્ગની પણ દીક્ષા લીધી હતી. પરન્તુ આ સંબંધ લાંબો સમય ચાલુ રહ્યો નહીં તેનું કારણ જણાવતાં એક પત્રમાં "સાગર" જણાવે છે કે: "પરમાત્માનું નિર્માણ કોઇ એવું જ કે પૂરાં બે વર્ષ પણ એ વર્ગનો સંબંધ રહી શક્યો નહીં. એક બનાવ એવો બન્યો કે તેણે મ્હને સ્પષ્ટ બતાવ્યું કે જ્યારે દિવાલો બાંધીને મર્યાદિત કરવામાં આવે છે ત્યારેદૃષ્ટિ સંકુચિત થઇ જાય છે, અને દિવાલો બહારનો ભવ્ય પ્રકાશ પણ એવી દૃષ્ટિ સહન કરી શકતી નથી .. .. .. જાહેરમાં એવી એક ચર્ચા કરવાનો પ્રસંગ આવતાં જ એ વર્ગને મેં કાયમ માટે છોડી દીધો. ઇ.સ. ૧૯૦૬".

પ્રેમધર્મની વિચારણાને પોતાના આધ્યાત્મિક જીવનના ઉત્કર્ષ માટે સ્વીકાર્યા પછી "સાગરે" "કલાપી" ના સૂક્ષ્મ સ્વરૂપને ગુરુ તરીકે સ્વીકાર્યા. તેનો એક પત્રમાં સ્વીકાર કરતાં 'સાગર' લખે છે:

"મારી ઝિન્દગાનીમાં થયેલો ફેરફાર પૂજ્યપાદ કલાપી દેવ એટલે સંસ્થાન લાઠીના 'સ્વ. ઠાકોર' સાહેબ શ્રીમાન સૂરસિંહજી'ને લીધે છે. એમના સ્થૂલ શરીરને મેં જોયું નથી, પરન્તુ એમના મન્ત્રો સાથે એવી તો ધ્યાનલીનતા થયેલી કે એમનું સૂક્ષ્મ શરીર મને પૂર્ણ પવિત્ર કરવાને અને માર્ગ બતાવવાને ખાસ આવેલું. ખરી વાત તો એવી છે કે શિષ્યને જ્યાં સુધી પોતાના ગુરુમાં "ગુરુ ભાવના" હોય છે, ત્યાં સુધી એ અદ્‌ભુત વસ્તુ તેનાથી ગ્રહી શકાતી જ નથી, પણ જો એ દિવ્યતામાં એની પરમાત્મભાવના અનુભવાયેલી હોય છે તો જ એ અદ્‌ભુત વસ્તુને એ ઝીલી શકે છે".

આમ, આત્મજીવનના પ્રવાહમાં સૂફીવાદના - "સ્નેહયોગ" ના સિધ્ધાન્તોનો "સાગરે" કરેલો સ્વીકાર શ્રી. કલાપીના અભ્યાસને જ આભારી છે.

ઇ.સ. ૧૯૦૮ માં "મોઢ બ્રાહ્મણ" નામે જ્ઞાતિના માસિક પત્રના સંપાદન અને અંગ્રેજી શાળા અને બોર્ડીંગ હાઉસના સંચાલન દ્વારા "સાગરે" પોતાના પિતાને પગલે ચાલી જનસેવાની પ્રવૃત્તિનો સરખેજ :જિ. અમદાવાદ: માં પ્રારંભ કર્યો. તે સમયની તેમની અંતસ્થિતિનું આલેખન કરતાં એક પત્રમાં "સાગરે" લખ્યું છે કે: "મારા હૃદયમાં તે કાળે એક જ તાન ચાલતું હતું કે परोपकारार्थ मिदं शरीरं આ સૂત્ર અને એનું શિક્ષણ મને વારસામાં મળયાં હતાં. મારા જીવનને આ પ્રમાણે જનસેવાના યજ્ઞમાં જ હોમી દેવું એવું નકકી કર્યું. તે વખતે પ્રેમ અને જ્ઞાન વિષે મને પોતાને કશો પ્રત્યક્ષ અનુભવ ન હતો, અને છતાં, હું માસિક પત્રમાં એ વિષે વિસ્તારથી લખી શકતો હતો.

મનુષ્ય બીજાને માટે જ જન્મ્યો છે, પોતાને માટે નહીં, અને
એ બે તે સમયના જીવનસૂત્રો હતાં. બીજા શબ્દોમાં કહીએ તો વારસામાં મળેલો આ ગીતાનો કર્મયોગ જ હતો. મેં ગીતા વાંચી નહતી. પણ એક બે મહાન હૃદયોને ગ્રન્થના રૂપમાં પૂજતાં હું શીખતો હતો. વિવેકાનન્દ, ગૌતમ બુધ્ધ, સ્વીડન બર્ગ અને કલાપી પ્રભુને એક મહાન પિતા તરીકે જગતના સ્ત્રષ્ટા અને નિયન્તા તરીકે જાણતો હતો.

આ સમયે સાગરના હૃદયમાં ચાલતું મંથન ઇ.સ. ૧૯૦૪ ની ખરેખર "ભૂલ એ મ્હારી", "મારી પરેશાની" "હું શું લખું." માં સ્પષ્ટ દેખાય છે.

હવે, આ ઝિન્દગી જહન્નમ. અરે! હમને ય હોત્યાનત.
હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના.[8]

પોતાની ચિત્ત-સ્થિતિનું નિરૂપણ નીચેની પંકિતઓ દ્વારા સુંદર રીતે એમણે કર્યું છે:

જીવનમાં ઝેર ભેળાયું. અભાગી તોય જીવું છું.
તજાતુ ના. મરાતું ના. ખરેખર ભૂલ એ મારી.[9]

ધ્યાનત હમારી સાફ છે. નીતિ હમારી પાક છે.
મૌલા હમારો નેક છે. તો બીક શી વ્યવહારની.[10]

આત્માના પ્રત્યેક વીર પ્રવાસીને માટે શ્રેયસ અને પ્રેયસના બે વિરોધી માર્ગોમાંથી એકની જ પસંદગી અને પોતાની અંદર રહેલાં આ અનિષ્ટ તત્વોને મારી હઠાવીને સખત હાર આપીને આગળ વધતા વીર પ્રવાસીના હૃદયનું મંથન જેમ્સ એલને "Life Triumphant" માં આ રીતે રજૂ કર્યું છે.

For those who will fight bravely and not yield there is triumphant victory over all the dark things of life. To stand face to face with truth, to arrive, after innumerable wanderings and pains, at wisdom and bliss not to be finally defeated and cast out, but ultimately to triumph over inward foe-such is man's

...........

[8] દીવાને સાગર, ઇ.૧, પૃ. ૨૬ :હમારી પરેશાની:
[9] એજન, પૃ. ૨૫. "ખરેખર ભૂલ એ મારી"
[10] એજન, પૃ. ૨૭ "હું શું લખું. "

divine destiny. Such his glorious goal and this. Every saint, sage and saviour has declared".

વીરતાથી નમ્યા વિના આખ્યું લડનાર હંમેશા અનિષ્ટ તત્વો પર વિજય પ્રાપ્ત કરે છે. પરમ સત્યનું સાક્ષાત દર્શન કરવું. અનેક અથડામણો ને દુ:ખ પછી પરમ જ્ઞાનને પરમ શાન્તિનો અનુભવ કરવો, છેવટના વિગ્રહમાં હાર્યા છતાં નિરાશ ન બનતાં, આખરે પ્રત્યેક આન્તર શત્રુ પર જીત મેળવવી- એવું માનવીનું ઉજમાળું ભાવિ છે. ભવ્ય લક્ષ્યબિન્દુ છે, દરેક સાધુપુરુષે ઋષિએ અને જગતના ઉધ્ધારકે આ જ કહ્યું છે.

"સાગર" ના હૃદયના વિગ્રહની સાથે આ વિચારોનું સામ્ય સ્પષ્ટ જોઇ શકાય છે.

આત્મજીવનના પ્રવાસી "સાગર" બાહ્ય સ્થૂલ વિઘ્નોને ગણકારતા નથી આન્તરજીવનના ઘોર યુધ્ધમાં મુકામે પહોંચવાની અદમ્ય ઇચ્છાશકિત એકલી નબળી પડી જાય નહીં તે માટે પ્રભુમાં અડગ શ્રધ્ધા હોવી અનિવાર્ય છે. "આખરે સત્યનો જ વિજય છે, અસત્ય હંમેશા પરાજય જ પામે છે. એવી દૃઢશ્રધ્ધા પણ આપણે "હું શું લખું" ગઝલમાં જોઇએ છીએ.

પ્રારંભની ગઝલોમાં પણ "કલાપી" ના વિચારોની સાથે "સાગર"ના વિચારોનું સામ્ય કલાપીની કવિતાનો સાગરનો અભ્યાસઇ.સ. ૧૯૦૫થી શરૂ થયો. તેથી આ સમયે એમણે કલાપીની કવિતા વાંચેલી નહિ તેમ છતાં દેખાય છે:

જમીં પર ચાલવા તાકાત નહીં તો યે હું ફેંકું છું.
દડા અસ્માનના મારા. ખરેખર ભૂલ એ મારી.[11]

જહીં સ્પર્ધા તણી જગની દખલ ન પહોંચતી ત્યાં ત્યાં,
જમી ને આસમાનોના દડા ઉડાવનારાઓ. [12]

હમારા આંસુથી આંસુ મિલાવો, આપશું ચાવી,
પછી ખંજર ભલે દેતાં, નહીં ગણકારનારાઓ. [13]

હું શું લખું? શાને લખું? કોને લખું! લાચાર છું.
દરિયાવ આંસુના સીના પર રાખીને ફરતો ફરું. [14]

ઇ.સ. ૧૯૦૬માં રચાયેલી આશકનો એકરાર ગઝલમાં આશક – ભકત હૃદય – માશૂક – પ્રભુની રહમ માંગે છે – કૃપા માગે છે– અને "સાગર" નું હૃદય પરમાત્મકૃપા માટે પુકારી ઊઠે છે.

આશક અને માશૂકની વચ્ચે દીવાલો છે ખડી,
જમીં દોસ્ત એ કરવા રહ્યા ઇન્સાફ ના માગું ઝૂકી
આ ખ્યાલ માની રાસ્ત હું, ખિલાફીમાં રાજી રહ્યો,
તારી નજર મીઠી વગર, તેનો વસીલો ના બીજો.[15]

...........

[11]એજન, "ખરેખર ભૂલ એ મારી"

[12]એજન,

[13]"કલાપી" હમારી પીછાન

[14]"દીવાને સાગર", પૃ. ૧

[15]એજન, પૃ. ૪૬

"કલાપી" ની ગઝલ "સનમને" માં રજૂ થયેલો આ ભાવ:

માલેક આલમના જિગરની તું સનમ.

..                ..                ..

જ્યાં લાખ ચશ્મો ચૂમતાં ત્હારા કદમ,

ત્યાં ભેટવા દોડું તને યા ના. સનમ. [૧૬]

"આશક નો એકરાર" ની પ્રથમ પંક્તિમાં જ "સાગરે" રજૂ કર્યો છે:

માલેક ઓ આલમ તણી. જહાં બંદગી તારી કરે, [૧૭]

"કલાપી" ની ગઝલોમાં રજૂ થયેલા વિચારોની ગાઢ અસર "સાગર" ની વિચારધારા ઉપર જોઇ શકાય છે. "કલાપી"ની ગઝલો "સાગર" ની પ્રારંભકાલની કવિતાનું પ્રેરક બળ હોઇ, તેમ થાય તે સ્વાભાવિક છે.

"કલાપી" ની માફક શ્રી. અખાજીની પણ ગાઢ અસર "સાગર"ની વિચારધારા ઉપર પડેલી સ્પષ્ટ જોઇ શકાય છે.

ઇ.સ. ૧૯૦૫ માં અખાજીની ત્રણ કૃતિઓનો સ્વામી સ્વયંપ્રકાશે "સાગર"ને અભ્યાસ કરાવ્યો હતો તે પૂર્વે કહાનવા બંગલોના શ્રી. અખાજીની ગાદી પરંપરાના તે સમયના ગાદીપતિ અને "સાગર" ના મિત્ર શ્રી.ભગવાનદાસજી મહારાજની સાથેના ગાઢ સંબંધને પરિણામે ઇ.સ. ૧૯૦૩ થી જ શ્રી. અખાજીના પ્રસિધ્ધ અપ્રસિધ્ધ સાહિત્યનો તેમ જ તેમની પ્રણાલિકાના સંતોનો અભ્યાસ કરવાની તક એમને પ્રાપ્ત થયેલી.

...........

[૧૬] 'કલાપીનો કેકારવ' - "સનમને"

[૧૭] 'દીવાને સાગર-૧', પૃ. ૪૫ "આશકનો એકરાર"

પ્રેમમાર્ગની સાથે જ જ્ઞાનમાર્ગની વિચારધારાની પ્રબળ અસર અખાજીના આ અભ્યાસનું જ પરિણામ છે. શ્રી. અખાજીની સાથે જ કબીર અને મીરાંબાઇનો પણ તલસ્પર્શી અભ્યાસ "સાગરે" કર્યો હતો. પરિણામે વિચારધારામાં કબીરની અને પદોના સ્વરૂપ પર મીરાંબાઇની સવિશેષ અસર દેખાય છે.

તેમની વિચારધારામાં શબ્દયોગ અને અજપાજાપનું પ્રાધાન્ય કબીરની તેમજ વાસનાત્યાગ. મનોનાશ ઇત્યાદિ અજાતવાદના સિધ્ધાન્તોનું પ્રાધાન્ય અખાજી અને તેમની પ્રણાલિકાના સંતોના અભ્યાસની "સાગર" ઉપર પડેલી સીધી અસર છે. નરસિંહ મહેતા, ધીરો, છોટમ, પ્રીતમ, વસ્તા વિશ્વંભર, આનંદઘન, મન્સુર, હાફેઝ, ઉમરખયામ, નઝીર શાહ, મહમ્મદ શબીસ્તરી, જલાલુદ્દીન રૂમી, દયારામ, અનવર, ભર્તૃહરિ, આર્નોલ્ડ, વિવેકાનંદ, દયાનન્દ, નિષ્કુલાનન્દ, જેમ્સ એલન, નરહરિ, રામકૃષ્ણ, અનાથદાસજી, એમર્સન, સ્વીડનબર્ગ ઇત્યાદિ અનેક સંતકવિઓની વાણીના "સાગરે" કરેલા અભ્યાસની અસર તેમની વિચારધારા પર પડયો હોઇ આ સંતોની વાણીનો અભ્યાસ "સાગર" ના સાહિત્યનું તેમજ આધ્યાત્મિક ઉન્નતિનું પ્રેરક બળ ગણવું જોઇએ. "સાગરે" દર્શાવેલા જીવનના અભ્યાસક્રમમાં આ સંતોની વાણીનો અભ્યાસ મુમુક્ષોઓ માટે તેમણે અનિવાર્ય માન્યો છે.

સ્વીડનબર્ગનો "કાન્ત" દ્વારા "સાગરે" સવિશેષ અભ્યાસ કર્યો હતો. પરિણામે "સ્વીડનબર્ગનું ધર્મશિક્ષણ" નામે નાનકડી પુસ્તિકા "સાગરે" ઇ.સ. ૧૯૧૬માં લખીને પ્રગટ કરી હતી. સ્વીડનબર્ગના થોડાંક સૂત્રોનો "સાગરે" સ્વીકાર કર્યો હતો. દ્વિજ જન્મની ભાવના, પ્રેમ, પ્રજ્ઞાન અને સેવાનો ક્રમ, પ્રેમ અને પ્રજ્ઞાનસ્વરૂપ પરમાત્મા, પરમાત્માને ચાહવું એટલે સાચા ઉપયોગોને ચાહવું, સવિતાદેવનાં બે તત્ત્વો - પ્રેમ અને પ્રજ્ઞાન ઉષ્મા અને તેજની ભાવનાનો "સાગરે" પૂર્ણપણે સ્વીકાર કર્યો છે. તેમછતાં "કાન્ત" ને લખેલા એક પત્રમાં "સાગરે" સ્પષ્ટ જણાવે છે કે "સ્વીડનબોર્ગિઅન" કહેવડાવવાને "સાગર" ને કશો જ અધિકાર નથી.

સૂફી અથવા વેદાન્ત દ્વારા જે સત્યો જિગરમાં ઘર કરીને રહેલાં છે અને રહ્યાં કરે છે, તે પ્રકારાન્તરે સ્વીડનબોર્ગનાં જ સત્યો છે એમની સાથે એની સમરૂપતા છે." ૧૮

એમર્સનના "સાગરે" કરેલા અભ્યાસની પ્રબળ અસર પણ તેમના આધ્યાત્મિક જીવન પર સવિશેષ પડી છે. "મહાત્મા એમર્સનનું પરમાત્મ તત્ત્વ" નામે ઇ.સ. ૧૯૨૬ માં "સાગરે" પ્રગટ કરેલી એક પુસ્તિકામાં ઇ.સ. ૧૯૧૧ ની ૧૭ મી ફેબ્રુઆરીના દિને શ્રી. મોહનભાઇ વિ. ગાંધીને લખેલા એક પત્રમાં "સાગરે" સ્વીકારેલા એમર્સનના સિધ્ધાન્તો રજૂ કર્યા છે. "થાકેલું હૃદય" કથાકાવ્ય પર પણ "કલાપી" અને 'નાનાલાલ' ઉપરાંત 'શેટે', 'જેમ્સએલન', 'સ્વીડનબર્ગ', અને 'એમર્સનની પ્રબળ અસર વર્તાયા વિના રહેતી નથી. 'એમર્સનના અભ્યાસની પ્રેરણા "સાગર" ને "કલાપી" માંથી પ્રાપ્ત થઇ હતી.

"થાકેલું હૃદય" ના મુખપૃષ્ઠ પર પ્રગટ થયેલી એમર્સનની પંકિતઓનો

My garden is a forest ledge
which older forests bound;
The banks slope down to the blue lake-edge
Then plunge to depths profound
And be sure at last came love,
And after love the nurse

...........

૧૮ "સાગર" ની પત્ર રેખા", પૃ. ૩૩૬

"સાગરે" કરેલો ભાવાનુંવાદ આ પ્રમાણે છે:

હમારો ભાગ જંગલ પર
        ધીચોધીચ જંગલો અંદર
મહા વન વન અહા. ભીતર
        પુરાણાં જંગલો ઉપર
ઢળે કાંઠા અહાહા શા-
        ભૂરા ભૂરા સરોવરમાં.
પછી ગંભીર ઊંડાણોમાં-
        ઊંડા ઊંડા ઊંડાણોમાં-
અને ચોકકસ. ખરે ચોકકસ
        પધાર્યા દેવ ખુદ બખ્ખરા-
પહેલો પ્રેમ પ્રેમ જ બસ.
        પછીથી ભારતી રસ બસ.[૧૯]

એમર્સને "પ્રેમ" નિબંધમાં શરીરના સૌન્દર્યની અંદર રહેલું આત્મતત્વ નિરખીને દિવ્ય પ્રેમ તરફ વળવાનું કહ્યું છે. તે સમજાવે છે કે દિવ્ય પ્રેમ તરફ હૃદય પૂરેપૂરા વેગથી વળે એટલે તરત જ એની દેહવાસનાઓ ઓગળી જાય છે. આમ, પ્રેમના શુધ્ધિકરણ દ્વારા દેહવાસનાનો લય કર્યા પછી જ મનુષ્યને પ્રભુની પિછાન થાય છે. સ્વીડનબર્ગ પ્રજ્ઞાન (Wisdom) દ્વારા પ્રેમનું શુધ્ધિકરણ કરવાનું કહે છે. "સાગર" જાતીય પ્રેમને એમર્સનની માફક પ્રાથમિક ભૂમિકા માટે મહત્વ આપતાં નથી. "સાગર" દૃઢપણે માનતા કે મનુષ્યના જીવનનો મુખ્ય રસ પ્રેમરસ હોવાથી મનુષ્ય પ્રેમ દ્વારા પ્રજ્ઞાન તરફ સહેલાઇથી જઇ શકે.

...........

[૧૯] અપ્રસિધ્ધ કાવ્યસંગ્રહમાંથી

"સાગર" ના પ્રેમધર્મના વિચારધારા પર મૌલાના જલાલુદ્દીન રૂમી સાહેબના મસ્નવી અને મહમ્મદ શબીસ્તરીના ગુલ્શને રાઝની અસર સૂફીવાદના મહત્ત્વના ગ્રન્થો હોવાને કારણે પડી છે. "સાગર" પોતાના માટે કહેતા ' I am a Hindu Sufi Fakir' "સાગરે" પોતાનું આન્તરબાહ્ય જીવન સૂફી તરીકે ગુજાર્યું હતું. સૂફીવાદના સિધ્ધાન્તોનો એમણે જીવનમાં સ્વીકાર કર્યો હતો, પરિણામે એમના આન્તરબાહ્ય સમગ્ર જીવનને પ્રભુપ્રેમથી એવું તો રંગી નાખ્યું કે પછી એમના જીવનને જગતનો બીજો રંગ લાગી શકયો જ નહીં. પ્રબળ મનોનિગ્રહ, પૂર્ણ શ્રધ્ધા, કલ્યાણકારી નિયમોમાં અવિચલ આસ્થા- આવાં લક્ષણો પૂર્ણતાનાં છે. સત્યના અનુસરણમાં વીરતા અને જીવનમાં સચ્ચાઇ પૂર્ણતા (Self-Realisation) માટે આવશ્યક છે. પોતે પૂર્ણતા અનુભવી એ ઊંચામાં ઊંચો ધર્મ છે. આ જેમ્સ એલનના સિધ્ધાન્તોની "સાગર" ની વિચારધારા પર પ્રબળ અસર છે.

આત્યંતિક સુખ આત્મનિગ્રહનું પરિણામ છે, અને મનોવિકારથી સાચું સુખ મળતું નથી. એટલે શુધ્ધ, સરળ અને સમભાવ ભર્યા જીવનને જેમ્સ એલન મહત્વ આપે છે. પ્રજ્ઞાનની આવશ્યકતા પણ તે સ્વીકારે છે. તે માને છે કે સત્યનું અનુસરણ વિરાટ સ્વરૂપનું દર્શન કરાવે છે. જેમ્સ એલન જીવનમાં પૂર્ણતાનો આદેશ આપે છે. "સાગરે" પણ આ સિધ્ધાન્તોનો સ્વીકાર કર્યો છે. વિશ્વવ્યવસ્થાના ચાલતા ક્રમમાં શ્રધ્ધાપૂર્વક ભળી જવાનો "સાગર" નો આદેશ જેમ્સ એલનની વિચાર ધારામાંથી છે. જેમ્સના સત્યના સિધ્ધાન્તોની સાથે ઉપનિષદ્‌ની સમરૂપતાનો "સાગરે" સ્વીકાર કર્યો છે.

"સાગરે" વાનપ્રસ્થ જીવન ગાળયું હતું અને સંન્યાસ સ્વીકાર્યો નહીં. સ્વામી અદ્વૈતાનંદજી પરના પત્રો પરથી સ્પષ્ટ થાય છે કે બાહ્ય ત્યાગનો "સાગરે" કદાપિ સ્વીકાર કર્યો નથી. ભગવદ્‌ગીતા, અષ્ટાવક્ર, ગુરુ દત્તાત્રેય અને સ્વામી રામતીર્થ સુધ્ધાં આવા બાહ્ય ત્યાગની સલાહ કદાપિ

આપતા હોય એવું સાગર જોઇ શકયા નથી. "સાગર" દૃઢપણે માને છે કે આન્તરનો ત્યાગ સાચવી શકાય તો બાહ્ય ત્યાગની કશી જરૂર નથી. અજાતવાદનો આ મૂળભૂત સિધ્ધાન્ત છે.

"સાગર" ની વાણીમાં પ્રૌઢીવાદ- અજાતવાદનું અનુભવ ગુંજન અનેક જગ્યાએ પ્રતીત થાય છે.

સાક્ષરશ્રી "કાન્ત" સાથેના સંબંધને પરિણામે બાઇબલ અને ગાયત્રી મન્ત્ર તેમજ સ્વીડનબર્ગનો "સાગરે" અભ્યાસ કર્યો હતો. "કલાપી" દ્વારા એમર્સનનો અભ્યાસ કરવાની તેમને પ્રેરણા મળી હતી. એમના આ અભ્યાસની સવિશેષ અસર એમનાં કાવ્યોમાં પણ પ્રતિબિમ્બિત થયેલી જોઇ શકાય છે. 'તે કોણ?' 'મ્હારો ત્રાતા', 'પ્રાર્થના', 'છે અવકાશ હજી', 'યાચના', 'અર્પણ' ઇત્યાદિ ભજની ગીતો બાઇબલનો આવાનુંવાદ છે.

"એક મહાન ભૂલ" જેવાં કાવ્યોમાં એમર્સનના નિબંધનો ભાવ વ્યકત થયો છે.

વિવેકાનન્દનું હૃદયબળ, સ્વીડનબર્ગની વિચારણા, જીવનની વિચારણા ગીતાની વિચારણા અને ગીતાનું હૃદય અનુક્રમે વિવેકાનન્દ, સ્વીડનબર્ગ, 'જેમ્સ એલન' અને ભગવદગીતાની "સાગર" પર પડેલી પ્રબળ અસરના જ વિવર્તો છે. 'ઉમરખયામ', 'જામી', 'કુરાન', 'મેસ્નવી', 'હાફેઝ', 'નઝીરશાહ' અને 'ગુલશને રાઝનાં' "સાગર" ની પત્રરેખા માં થયેલા ઉલ્લેખો "સાગર" પર એમની પડેલી પ્રબળ અસરનાં જ ધ્યોતક છે. 'હાફેઝ', 'મેનસૂર', 'ઉમરખયામ', 'નઝીરશાહ', જામી જેવા સૂફીવાદી કવિઓનો "સાગરે" અભ્યાસ કર્યો હતો. એમની કૃતિઓની અસર પણ "સાગર" ઉપર પડી છે.

સૂફીવાદમાં પ્રેમ ને જ જગતનું ઉત્પત્તિ કારણ અને નિર્વાહિક તત્વ માનવામાં આવે છે. આશક જાતે પ્રેમી બની જઇને પોતાનું તમામ વ્યકિતત્વ દેહભાવ- પ્રેમમાં- બ્રહ્મમાં ગુમાવી દે છે.

જીવાત્મા પરમાત્મામાથી ભિન્ન નથી. અને પ્રેમયોગ દ્વારા પરમાત્માનો અનુભવ થઇ શકે છે. અનન્ય પ્રેમ દ્વારા પોતાપણાનો લય કરવો, સર્વસમર્પણ કરવું એ સૂફીવાદનું તારતમ્ય છે. વાસનાક્ષય, આત્માર્પણ, પ્રેમલક્ષણાભકિત, વિશુધ્ધ હૃદય અને ઔદાર્ય, આત્મનિગ્રહ, બ્રહ્મચર્ય, સતત ચિંતન એ સૂફીવાદનાં લક્ષણો છે. "સાગર" નું જીવન બાહ્ય અને આન્તરિક ઉભય રીતે સૂફી ફકીરનું જીવન હતું. બાહ્ય પોષાક અને રહેણીકરણી પણ ફકીર જેવાં જ હતાં, અને સૂફીવાદના ઉપર નિર્દિષ્ટ લક્ષણો એમની રગેરગમાં વ્યાપ્ત હતાં, પોતાનો આશ્રમ બબ્બેવાર લૂંટાવનાર, અને તવા જલતા હૈ, આટા નહી હૈ, દો દિન પિછે ભોજન કરેંગે" જેવું જીવન ગુજારનાર "સાગર" ના આધ્યાત્મિક જીવનનું આ પ્રેરક બળ સવિશેષ નોંધપાત્ર છે.

સ્વીડનબર્ગ જેને પ્રજ્ઞાન કહે છે તે અંગે ઇ.સ. ૧૯૧૦ માં હિમાલયનિવાસ દરમિયાન "સાગરે" શ્રી. અખાજી ઉપરાંત તેમના સમકાલીનો અને શિષ્ટ-મંડળના સંતો, 'લાલદાસજી', 'જીતા મુનિનારાયણ', 'હરિકૃષ્ણજી', 'કલ્યાણદાસજી', 'જીવણદાસ', 'બૂટાજી', 'નરહરિ', 'ગોપાલ', 'છોટમ', 'પ્રીતમ', 'ધીરો' વગેરેનો પણ અભ્યાસ કર્યો હતો.

હૃષિકેશ નિવાસ દરમિયાન અનાથદાસજીની વિચાર માળા, નિશ્ચલદાસજીનો વિચાર સાગર, પંચીકરણ, કબીર, નાનક, મીરાંબાઇ, નરસિંહ, દયારામ, દાદુ, સુંદરદાસ, આનંદઘન, કાજી અનવર "જ્ઞાની" ઉપરાન્ત યોગવાસિષ્ઠય, અષ્ટાવક્ર ગીતા, નારદભકિત સૂત્ર, સ્વામી સહજાનંદજીના વચનામૃત, શાંકર ભાષ્ય તેમજ શ્રી. શંકરાચાર્યના અન્ય

ગ્રન્થો સ્વામી રામતીર્થ, વૈરાગ્યશતક, વાલ્મીકિ રામાયણ, શ્રીમદ્ ભાગવતનો એકાદશ સ્કંદ્ય સવિશેષ, તુલસીકૃત રામાયણ, પંચદશી, પારસભાગ, ઇત્યાદિનો એમના આ મંથનકાલ દરમિયાન આત્મસાધનાર્થે અભ્યાસ કર્યો હતો.

તત્વજ્ઞાનના સિધ્ધાન્ત તરીકે "સાગરે" શ્રી. અખાજીની માફક અજાતવાદનો સ્વીકાર કર્યો છે. વૃત્તિવિલય અને મનોનાશ દ્વારા સ્વરૂપ સંસ્થિતિ જ્યારે અનુભવાય ત્યારે અજાતવાદ – પ્રૌઢીવાદ પ્રત્યક્ષ અનુભવાય છે.

અવધૂત ગીતાનું પેલુ પાદ:

" न त्वं नाऽहम् जगन्नेदम् सर्वमात्मैव केवलम् અદ્વૈત બ્રહ્મનો અન્તિમ સિધ્ધાન્ત રજૂ કરે છે.

મીરાંબાઇ, કબીર, અખાજી, દયારામ, અને "કલાપી" ની પ્રબળ છાપ "સાગર" નાં કાવ્યોમાં વર્તાયા વિના રહેતી નથી. પ્રારંભકાલમાં રચાયેલા "થાકેલું હૃદય" માં વ્યકત થયેલી લગ્નની ભાવના, રૂમી, જલાલુદ્દીન ગેટે એમર્સન, સ્વીડનબર્ગ, ટોલ્સ્ટોય, ગો.મા.ત્રિ., મણિલાલ, નાનાલાલ અને "કલાપી" ના અભ્યાસનું જ પ્રતિબિમ્બ છે.

૧. "સાગર" ના સાહિત્યના અભ્યાસ અને "સાગર" ના જીવન પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે:

૧. કબીર, દાદુ, નરસિંહ, મીરાં, અખાજી, આનંદઘન, કાજી અનવર, પ્રીતમ, છોટમ, ધીરો, દયારામ, આદિ સંતકવિઓની વાણી, સ્વીડનબર્ગ, જેમ્સ એલન, ગેટે એમર્સન આદિ પાશ્ચાત્ય

વિચારકો, ટોલ્સ્ટોય, હાફેઝ, મન્સુર, રૂમી, જામી, મહમ્મદ શબીસ્તરી આદિ પ્રેમધર્મ અને સૂફીવાદના પૌરસ્ત્ય વિચારકો, ગીતા, ઉપનિષદો, નારદ, મનુસ્મૃતિ, યોગ વાસિષ્ઠય, માણ્ડૂકય કારિકા, પંચદશી, વિચારમાલા, વિચાર સાગર જેવા ભારતીય ગ્રન્થો તેમજ બાઇબલ, કુરાન આદિ અન્ય ધર્મના શાસ્ત્રીય ગ્રન્થોના "સાગરે" કરેલા અભ્યાસની પ્રબળ અસર તેમના આધ્યાત્મિક જીવન અને તેમની વિચારધારા પર પડયા વિના રહેતી નથી.

૨. "સાગર"નો પ્રેમધર્મ એટલે પૌર્વાત્ય, પાશ્ચિમાત્ય પ્રેમમીમાંસકોનું એમની દૃષ્ટિએ વિચાર દોહન.

૩. "સાગર" નો આત્મસાક્ષાત્કારનો માર્ગ એટલે સૂફી ઇશ્ક, ભકિતમાર્ગ જ્ઞાન માર્ગ અને યોગમાર્ગના સ્વતંત્ર સંમિશ્રણ વડે "સાગર" ને અનુભવ દ્વારા પ્રાપ્ત થયેલો "સાગર રાહ" ધનચકકરના નકશામાં સાગરે વિગતે સમજાવ્યો છે. એમાં "સાગરે" આત્મસાક્ષાત્કારનો પોતાનો અનુભવમાર્ગ અન્ય માર્ગોની સાથે સમજાવ્યો છે.

૪. "સાગર" ની વિચારધારા પર- આધ્યાત્મિક સાહિત્યિક જીવનપર અનેક વ્યકિતઓએ સંતવિભૂતિઓએ અને શાસ્ત્રીય ગ્રન્થોએ પ્રબળ અસર કરી હોવા છતાં "સાગર" ની સ્વતંત્ર વિચારધારા પણ ધનચકકરના નકશામાં જોઇ શકાય છે. આ સર્વને "સાગર" ના સાહિત્યિક અને આધ્યાત્મિક જીવનનાં પ્રેરક બળો ગણવા જોઇએ.

.......